વર્ષઃ 7 અંકઃ 04

16-31 ઓગસ્ટ, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

અમને ફોલો કરો @NISPIBIndia

प्रधानमंत्री जन-धन योजना
मेरा खाता भाग्य विधाता






## જન ધન થી
## જન-ગણ-મન સુધી

મહિલા સશક્તિકરણથી લઈને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) સુધી, બેંકિંગ, વીમા અને પેન્શન સુરક્ષાથી લઈને ડિજિટલ ચુકવણીની ક્રાંતિ સુધી - જન ધન યોજનાની 12 વર્ષની સફરે તેની પાંચગણી અસર દ્વારા 'જન'ને 'જન-ગણ-મન', એટલે કે રાષ્ટ્રીય ચેતના અને ગૌરવ સાથે પણ જોડી દીધા છે.

# ભારતનાં સંરક્ષણ સાધનો અને ટેકનોલોજી પર વિશ્વનો વિશ્વાસ વધ્યો



*'મન કી બાત'માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશની એવી અનેક સિદ્ધિઓની ચર્ચા કરે છે, જે દરેક ભારતીયને ગૌરવની અનુભૂતિ કરાવે છે. 'મન કી બાત'ના 136મા એપિસોડની શરૂઆત તેમણે કારગિલ વિજય દિવસના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ સાથે કરી. તેમણે મધ્યપ્રદેશના સીધી જિલ્લામાં ચાલી રહેલા જળ સંરક્ષણ અભિયાનની પ્રશંસા કરી. સાથે જ સ્વદેશી સંરક્ષણ સાધનો અને વિવિધ ઓલિમ્પિયાડ્સમાં ભારતની ઉપલબ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો. અહીં 'મન કી બાત'ના સંપાદિત અંશો રજૂ કરવામાં આવ્યા છે...*

- **'શૌર્ય વિજય યાત્રા' :** 14 જુલાઈએ દિલ્હીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકથી શરૂ થયેલી 'શૌર્ય વિજય' મોટરસાયકલ યાત્રા દ્રાસમાં આવેલા કારગિલ યુદ્ધ સ્મારક સુધી પહોંચશે. તેનો સંદેશ છે - "વન રાઈડ, વન નેશન, વન સેલ્યૂટ."

- **આત્મનિર્ભર ભારત :** INS મહેન્દ્રગિરી ભારતીય નૌકાદળમાં સામેલ થયું છે. આ આધુનિક યુદ્ધજહાજ ભારતમાં જ નિર્મિત છે અને તેમાં 75 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે આત્મનિર્ભર ભારતની વધતી શક્તિનું પ્રતીક છે.

- **ટીમવર્ક (સામૂહિક પ્રયાસ) :** ડીઆરડીઓએ પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટનું સફળ પરીક્ષણ કર્યું. આ સફળતા આપણા વૈજ્ઞાનિકો અને ઈજનેરોના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે.

- **નવી ઊંચાઈઓ :** આજે સંરક્ષણ ઉત્પાદન, સંરક્ષણ નિકાસ અને મિત્ર દેશો સાથેના સંરક્ષણ સહયોગ સહિત દરેક ક્ષેત્રમાં ભારત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ભારતનાં સંરક્ષણ સાધનો અને ટેકનોલોજી પર વિશ્વનો વિશ્વાસ સતત વધી રહ્યો છે.

- **'કેચ ધ રેઈન' :** 'કેચ ધ રેઈન' અભિયાન દ્વારા વરસાદના દરેક ટીપાનું સંરક્ષણ કરીને તેને જનઆંદોલન બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેનો સરળ સંદેશ છે - "પાણી જ્યાં પડે, જ્યારે પડે, ત્યાં જ બચાવો."

- **દેશને ગર્વ :** પી.વી. સિંધુ જાપાન ઓપન બેડમિન્ટન ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બની છે. સમગ્ર દેશને તેમની આ સિદ્ધિ પર ગર્વ છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે લંડનના લોર્ડ્સ મેદાનમાં રમાયેલી પ્રથમ મહિલા આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચમાં પણ ઐતિહાસિક જીત મેળવી છે.

- **વિક્રમ-1 :** વિક્રમ-1ના સફળ પ્રક્ષેપણે દેશના દરેક નાગરિકને ગૌરવ અપાવ્યું છે. ભારતીય અવકાશ ક્ષેત્ર માટેની આ ઐતિહાસિક ક્ષણના આપણે સૌ સાક્ષી છીએ. ખાનગી ક્ષેત્ર દ્વારા વિકસાવવામાં આવેલું ભારતનું આ પ્રથમ રોકેટ છે.

- **ઓલિમ્પિયાડ્સ :** ભારતીય ટીમે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિત ઓલિમ્પિયાડ્સમાં શાનદાર પ્રદર્શન કરીને અનેક ગોલ્ડ અને રજત ચંદ્રકો જીત્યા.

- **યુવા શક્તિ :** મને આપણા દેશના યુવાનો પર ખૂબ ગર્વ છે. ભારતમાં ઓલિમ્પિયાડ્સ અને હેકાથોન જેવી સ્પર્ધાઓ પ્રત્યે વધતો ઉત્સાહ જોઈને આનંદ થાય છે. મને વિશ્વાસ છે કે વધુને વધુ યુવાનો આવા મંચ સાથે જોડાશે અને ભારતનું ગૌરવ વધારશે.

- **'વેસ્ટ ટુ વેલ્થ' :** બિહારના સીતામઢીમાં 'વેસ્ટ ટુ વેલ્થ' પહેલ હેઠળ કચરાનું રિસાયકલ કરીને આકર્ષક બેન્ચ બનાવવામાં આવી રહી છે. આ પહેલ દર્શાવે છે કે Reduce, Reuse, Recycle હવે માત્ર એક સૂત્ર નથી, પરંતુ આપણા જીવનનો અભિન્ન ભાગ બની રહ્યું છે.

- **લોકતાલ તળાવ :** ખગોળ ભૌતિકશાસ્ત્રી ડૉ. રોનાલ્ડો લૈશરામે શોધેલા યંગ ગેલેક્સીના વિશાળ સમૂહને મણિપુરના પ્રખ્યાત લોકતાલ તળાવના નામ પરથી ઓળખ આપવામાં આવી છે. આ વિશાળ મીઠા પાણીનું તળાવ મણિપુરની ઓળખ છે. આ સિદ્ધિ દરેક ભારતીય માટે ગૌરવની બાબત છે.

- **ખાદીનું વેચાણ :** છેલ્લાં 12 વર્ષમાં ખાદીનું વેચાણ 6 ગણું વધ્યું છે. હવે તેનું વેચાણ 8,000 કરોડની નજીક પહોંચી ગયું છે. હું દરેકને વિનંતી કરું છું કે આગામી તહેવારો દરમિયાન ખાદી, હાથવણાટ અથવા હસ્તકલાના ઉત્પાદનો અવશ્ય ખરીદે.

મન કી બાતને સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

न्यू ईन्डिया

# સમાચાર

વર્ષ: 7, અંક: 04 | 16-31 ઓગસ્ટ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાના પર...




### લોકો-કેન્દ્રિત આર્થિક પહેલ: સમાવેશી વિકાસનો મજબૂત પાયો

**કવર સ્ટોરી**

છેલ્લાં 12 વર્ષોમાં જો કોઈ યોજનાએ દેશના વિકાસના વિચાર અને દિશામાં પરિવર્તન લાવી આર્થિક ક્રાંતિ સર્જી હોય, તો તે પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) છે. 28 ઓગસ્ટ, 2014ના રોજ શરૂ થયેલી આ યોજના આજે આર્થિક, સામાજિક અને ટેક્નોલોજીકલ સશક્તિકરણનો આધારસ્તંભ બની છે. તેની બહુમુખી અસર દેશના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. | 8-21

રેલ પરિવહનનું ભવિષ્ય...

### હાઈડ્રોજન ટ્રેન



જીંદથી ₹14,700 કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ | 22-23


સમાચાર સાર | 4-5

ભવ્ય-રસાયણ યોજનાને મંજૂરી, પીએમ-કિસાન યોજના ચાલુ રહેશે
કેન્દ્રીય મંત્રીમંડળનો મહત્વપૂર્ણ નિર્ણય | 6-7

ટેક્નોલોજી, નવીનતા અને આરોગ્યસંભાળ : વિકસિત ભારતનો મજબૂત પાયો
પ્રધાનમંત્રી મોદીએ ચંડીગઢને રૂ.4,700 કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી | 24-25

રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં ભાગીદારી... રમતગમતની શક્તિ
રાષ્ટ્રીય રમતગમત દિવસ અને ફિટ ઈન્ડિયાની 7મી વર્ષગાંઠ નિમિત્તે વિશેષ સામગ્રી | 30-33

ભારતે 13 ગોલ્ડ મેડલ સહિત કુલ 39 મેડલ જીત્યા
રાષ્ટ્રમંડલ રમતગમત 2026માં ભારતીય રમતવીરોએ દેશનું સન્માન વધાર્યું | 34-35

'આર્ટીકલ 370' ને મળ્યો સર્વશ્રેષ્ઠ ફિચર ફિલ્મનો પુરસ્કાર
વર્ષ 2024 માટે 72માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની ઘોષણા | 36-37

વ્યક્તિત્વ : વિરાંગના અવંતિબાઈ લોધી
જેમણે આત્મસમર્પણના બદલે આત્મબલિદાન પસંદ કર્યું | 38


વાઈબ્રન્ટ વિલેજ

### વિકસિત ગામ

**વિકસિત ભારતનો મજબૂત પાયો**

પ્રધાનમંત્રી મોદી 26 જુલાઈએ 'વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ 2026'ના સહભાગીઓ સાથે વાતચીત કરશે | 26-27



રાષ્ટ્રીય અવકાશ દિવસ | 23 ઓગસ્ટ



### ભારતનું પ્રથમ ખાનગી ઓર્બિટલ લોન્ચ વ્હીકલ 'વિક્રમ-1' સફળતાપૂર્વક લોન્ચ

ભારત વૈશ્વિક અવકાશ ક્ષેત્રમાં પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી રહ્યું છે. ભારતના પ્રથમ ખાનગી રોકેટ 'વિક્રમ-1' નું સફળ પ્રક્ષેપણ આ દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. | 28-29


પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

# જન ધન યોજના

## આર્થિક સશક્તિકરણનાં સફળ 12 વર્ષ

પ્રિય વાચકો,

નાણાકીય સમાવેશ તરફ ભારતની સૌથી મોટી પહેલોમાંની એક પ્રધાનમંત્રી જન ધન યોજના 28 ઓગસ્ટના રોજ 12 વર્ષ પૂરા કરી રહી છે. આ 12 વર્ષોમાં આ યોજના ભારતના સામાજિક અને આર્થિક જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. તેણે કરોડો પરિવારો માટે નાણાકીય વ્યવહારોને સરળ અને સુલભ બનાવ્યા છે.

આ યાત્રામાં પાંચ મહત્વપૂર્ણ પરિવર્તનો સ્પષ્ટપણે જોવા મળે છે. પ્રથમ, નાણાકીય સમાવેશ, જેના હેઠળ દેશભરમાં 58 કરોડથી વધુ જન ધન ખાતા ખોલવામાં આવ્યાં છે. બીજું, મહિલા સશક્તિકરણ, જેના અંતર્ગત આ ખાતામાંથી અડધાથી વધુ, એટલે કે 32.72 કરોડ ખાતા મહિલાઓના નામે ખોલવામાં આવ્યાં છે. પરિણામે મહિલાઓ ઘરેલુ આર્થિક નિર્ણયોમાં સમાન ભાગીદાર બની છે. ત્રીજું, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT), જેના કારણે સબસિડીમાં થતી ગેરરીતિઓ પર અંકુશ આવ્યો છે અને લાભ સીધો લાભાર્થીઓ સુધી પહોંચવાની ખાતરી થઈ છે. ચોથું, વીમા અને પેન્શન સુરક્ષા, જેના દ્વારા ગરીબ અને વંચિત પરિવારોને આર્થિક સુરક્ષાનું કવચ મળ્યું છે. અને પાંચમું, ડિજિટલ ચુકવણીની ક્રાંતિ, જેમાં RuPay કાર્ડ અને UPIએ ગામડાં સુધી કેશલેસ અર્થવ્યવસ્થાનો વિસ્તાર કર્યો છે.

આ પરિવર્તનોની અસર માત્ર આંકડાઓમાં જ નહીં, પરંતુ સામાન્ય નાગરિકોના આત્મવિશ્વાસ અને ગૌરવમાં પણ જોવા મળે છે. જે વ્યક્તિ પ્રથમ વખત બેંકિંગ વ્યવસ્થા સાથે જોડાયો હતો, તે આજે દેશની મુખ્ય અર્થવ્યવસ્થાનો સક્રિય ભાગીદાર બની ગયો છે.

આ જ જન ધન યોજનાની સૌથી મોટી સિદ્ધિ છે. તેણે સામાન્ય નાગરિકને માત્ર બેંક ખાતા સાથે જ નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણની ભાવના સાથે પણ જોડ્યો છે, જેને આપણે 'જન-ગણ-મન' તરીકે ઓળખીએ છીએ. આ માત્ર એક યોજના નથી, પરંતુ આત્મનિર્ભર ભારતના નિર્માણની પ્રેરણાદાયી ગાથા છે. આ જ આ અંકની કવર સ્ટોરી છે.

આ ઉપરાંત, આ અંકમાં વ્યક્તિત્વ શ્રેણી હેઠળ વિરાંગના અવંતિબાઈ લોધીના જીવન પર વિશેષ લેખ, 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત અને કેન્દ્રીય મંત્રીમંડળના મહત્વપૂર્ણ નિર્ણયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયા દરમિયાનના વિવિધ કાર્યક્રમોની માહિતી પણ આપવામાં આવી છે. તેમાં 29 ઓગસ્ટના રાષ્ટ્રીય રમતગમત દિવસ અને ફિટ ઈન્ડિયા અભિયાન, 2026ની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના ઉત્કૃષ્ટ પ્રદર્શન તેમજ 23 ઓગસ્ટના રાષ્ટ્રીય અવકાશ દિવસ પર વિશેષ સામગ્રીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સામયિકના અંદરના પાનાંઓમાં 'મન કી બાત'ના મુખ્ય અંશો આપવામાં આવ્યા છે અને બેક કવર પર 16 ઓગસ્ટે ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

તમારા સૂચનો અને પ્રતિભાવો અમને સતત મોકલતા રહેશો.

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...






### 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિક રસપ્રદ અને મહત્વપૂર્ણ માહિતી આપે છે

મારું નામ પવન કુમાર છે. હું સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરું છું. 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મારું જ્ઞાન વિસ્તૃત કરવામાં મદદરૂપ બને છે. તેમાં રસપ્રદ અને મહત્વપૂર્ણ માહિતી સરળ ભાષામાં આપવામાં આવે છે. દર પખવાડિયે પ્રકાશિત થતા મહત્વપૂર્ણ સમાચાર અને ઘટનાઓની સમગ્ર સમીક્ષા મારા વિશ્લેષણાત્મક વિચારોને પણ વધુ સમૃદ્ધ બનાવે છે.

pawankumarpanwar2003@gmail.com

### કૃષિ, ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજીની ઉપયોગી માહિતી

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'ની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવું છું. હું આ સામયિકનો નિયમિત વાચક છું. ઘણા વર્ષોથી આ સામયિક ટપાલ દ્વારા નિઃશુલ્ક પ્રાપ્ત થાય છે. અમારા ગામના લોકો પણ તેને વાંચે છે અને તેમાં આપવામાં આવેલી માહિતીનો લાભ લે છે. રાજકીય વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે આ સામયિક માર્ગદર્શિકા સમાન છે. વિવિધ સરકારી યોજનાઓ, મહિલા સશક્તિકરણ, કૃષિ, ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિશેની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આ સામયિક મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

babitaborthakur59170@gmail.com

### ગુણવત્તાયુક્ત સામગ્રી માટેનો પ્રયાસ પ્રશંસનીય છે

મને લાગે છે કે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'માં વાચકોના યોગદાન માટે એક નાનો વિભાગ અથવા કૉલમ શરૂ કરવામાં આવે તો તે ઉપયોગી સાબિત થઈ શકે. તેના દ્વારા વાચકો મહત્વપૂર્ણ સામાજિક મુદ્દાઓ પર પોતાના વિચારો, અનુભવો, સર્જનાત્મક લેખન અને અભિપ્રાયો વ્યક્ત કરી શકશે. આવો વિભાગ માત્ર વાચકોની ભાગીદારી વધારશે એટલું જ નહીં, પરંતુ સામયિકને વિવિધ અને વાસ્તવિક જીવનના અનુભવો સાથે વધુ સમૃદ્ધ પણ બનાવશે. આ પહેલ સમુદાયની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને સામયિકને વધુ પ્રાસંગિક તથા સહભાગી બનાવશે. ગુણવત્તાયુક્ત સામગ્રી તૈયાર કરવા માટે તમારી સમગ્ર ટીમના પ્રયાસોની હું હૃદયપૂર્વક પ્રશંસા કરું છું. મને વિશ્વાસ છે કે આ સૂચન સામયિકમાં વધુ મૂલ્ય ઉમેરશે.

શાલિની ભટનાગર

sbhatnagar1971@gmail.com

### અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'નો નિયમિત વાચક છું. આ સામયિક મને ખૂબ ગમે છે. તે મને દેશની મહત્વપૂર્ણ ઘટનાઓથી સતત માહિતગાર રાખે છે અને દરેક નવા અંકની હું આતુરતાથી રાહ જોઉં છું. મુશ્કેલ વિષયોને સરળ ભાષામાં સમજાવવામાં આ સામયિક ખૂબ મદદરૂપ બને છે.

kumar.mohan5699@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુઃ રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

# સમાચાર સાર

## ભારતની પ્રથમ ડેન્ગ્યુ રસીને મંજૂરી

ભારત સરકારના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)એ ડેન્ગ્યુની રોકથામ માટે લાઈવ ટેટ્રાવેલેન્ટ (લાઈવ, એટેન્યુએટેડ) રસી 'ક્યુડેન્ગા'ના માર્કેટિંગને મંજૂરી આપી છે. આ રસી જર્મનીની તાકેદા GMBH દ્વારા વિકસાવવામાં આવી છે. ભારતમાં ડેન્ગ્યુની રોકથામ માટે મંજૂરી મેળવનારી આ પ્રથમ રસી છે. આ રસીને વિશ્વના 42 દેશોમાં અગાઉથી જ મંજૂરી મળી ચૂકી છે. તેને WHOની પૂર્વ-લાયકાત પણ પ્રાપ્ત છે અને તેની સલામતીનો વૈશ્વિક સ્તરે મજબૂત રેકોર્ડ છે. અત્યાર સુધીમાં આ રસીના 2.4 કરોડથી પણ વધુ ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે. CDSCOના જણાવ્યા અનુસાર, રસીની અસરકારકતા, સલામતી અને ગુણવત્તાના વ્યાપક વૈજ્ઞાનિક મૂલ્યાંકન બાદ તેને મંજૂરી આપવામાં આવી છે. લાઈવ ટેટ્રાવેલેન્ટ (લાઈવ, એટેન્યુએટેડ) રસી 'ક્યુડેન્ગા' 4થી 60 વર્ષની વયના લોકોમાં ડેન્ગ્યુના ચેપથી બચાવવા માટે આપવામાં આવે છે. તેના 2 ડોઝ 3 મહિનાના અંતરે (મહિનો 0 અને 3) આપવામાં આવે છે.




## નિવૃત્ત અગ્નિવીરો માટે અનામત

કેન્દ્ર સરકારે વિવિધ સરકારી ભરતીમાં અગ્નિવીરોને અનામત અને અન્ય છૂટછાટો આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય હેઠળ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPFs) અને આસામ રાઈફલ્સમાં કોન્સ્ટેબલની ભરતી માટે ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અલગ શ્રેણી બનાવવામાં આવી છે. આ શ્રેણી હેઠળ ખાલી જગ્યાઓમાં 50% અનામત આપવામાં આવશે તેમજ મહત્તમ વયમર્યાદામાં 3 વર્ષની છૂટ આપવામાં આવશે. ભૂતપૂર્વ અગ્નિવીરોની પ્રથમ બેચના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદા ઉપરાંત 5 વર્ષની છૂટ મળશે. અગ્નિવીરોને શારીરિક કાર્યક્ષમતા કસોટી (PET) અને લેખિત પરીક્ષામાંથી પણ મુક્તિ આપવામાં આવી છે.

### નિવૃત્ત અગ્નિવીરો માટે અનામત

- રેલવેમાં નોન-ગેઝેટેડ પદોની સીધી ભરતીમાં અગ્નિવીરોને પગાર સ્તર-1માં 10% અને પગાર સ્તર-2માં 5% અનામત આપવામાં આવશે.
- રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)માં કોન્સ્ટેબલની ભરતીમાં 100% અનામત આપવામાં આવશે.



## ખગોળશાસ્ત્રીઓએ દુર્લભ વાદળી સ્ટ્રેગલર તારો શોધ્યો




ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સ (IIA)ના વૈજ્ઞાનિકોએ આંતરરાષ્ટ્રીય સહયોગીઓ સાથે મળીને એક દુર્લભ વાદળી સ્ટ્રેગલર તારો શોધ્યો છે, જે હાલ નિર્માણની પ્રક્રિયામાં છે. કોલિન્ડર 261 સ્ટાર ક્લસ્ટરમાં આશરે 9,500 પ્રકાશ-વર્ષના અંતરે આવેલા આ તારા અંગેના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે તે તેના સાથી તારામાંથી સતત દ્રવ્યનું સંવર્ધન કરી રહ્યો છે, જેના કારણે તે વધુ ગરમ, વધુ તેજસ્વી અને વધુ વિશાળ બની રહ્યો છે. આ શોધની પુષ્ટિ NASAના TESS મિશન અને યુરોપિયન સધર્ન ઓબ્ઝર્વેટરીના વેરી લાર્જ ટેલિસ્કોપના ડેટાના આધારે કરવામાં આવી છે. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે આ વાદળી સ્ટ્રેગલર તારામાં દ્રવ્યનું સંવર્ધન હજુ પણ ચાલુ છે, જે 5.46 અબજ વર્ષ પહેલાં શરૂ થયું હતું. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે આ વાદળી સ્ટ્રેગલર તારાનું દળ સૂર્ય કરતાં 1.67 ગણું છે.

## PLI યોજનાથી ઉત્પાદનને મળ્યો વેગ

### રોકાણ અને નિકાસમાં વધારો, 14.15 લાખથી વધુ રોજગારીનું સર્જન

સરકારે ઉત્પાદન વૃદ્ધિને વેગ આપવા, રોકાણ આકર્ષવા, નિકાસ વધારવા અને રોજગારીનું સર્જન કરવાના હેતુથી 14 મુખ્ય ક્ષેત્રો માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન (PLI) યોજનાઓ શરૂ કરી છે. જે અંતર્ગત 31 માર્ચ 2026 સુધીમાં 2.40 લાખ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. તેના પરિણામે 14.15 લાખથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. આ યોજનાઓ દ્વારા અત્યાર સુધીમાં કુલ ₹15.2 લાખ કરોડથી વધુનું ઉત્પાદન થયું છે.

**મોબાઈલ ઉત્પાદન -** મોબાઈલ ઉત્પાદન માટેની PLI યોજના શરૂ થયા પછી દેશમાં મોબાઈલ ફોનના ઉત્પાદનમાં 24%નો વધારો થયો છે, જ્યારે આયાતમાં 77%નો ઘટાડો નોંધાયો છે. હાલ દેશમાં વપરાતા 99.2% મોબાઈલ ફોન ભારત દેશમાં જ ઉત્પાદિત થાય છે.

**ફાર્માસ્યુટિકલ -** ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં, ₹3.64 લાખ કરોડથી વધુ મૂલ્યની દવાઓનું વેચાણ થયું છે અને 1,931 મહત્વપૂર્ણ દવાઓનું અને 191 નવી દવાઓનું સ્થાનિક ઉત્પાદન શરૂ થયું છે.

**તબીબી ઉપકરણ -** તબીબી ઉપકરણોના ક્ષેત્રમાં PLI યોજનાને કારણે CT સ્કેન, MRI, કેથ લેબ અને અલ્ટ્રાસાઉન્ડ ઉપકરણોનું સ્થાનિક ઉત્પાદન વધ્યું છે, નવા 55 ઉપકરણ વિકસિત થયા.






## 'કુશા' મિસાઈલનું સફળ ઉડાન પરીક્ષણ



સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)એ 23 જુલાઈ, 2026ના રોજ ઓડિશા દરિયા કિનારે આવેલા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ટાપુ પરથી લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ 'કુશા'નું પ્રથમ સફળ ઉડાન પરીક્ષણ કર્યું. પ્રથમ પરીક્ષણ ઉચ્ચ ગતિ અને ઊંચી ઊંચાઈ પરના હવાઈ ખતરાનું અનુકરણ કરતા ઈલેક્ટ્રોનિક લક્ષ્ય સામે કરવામાં આવ્યું હતું. મિસાઈલ સિસ્ટમે લક્ષ્યને સફળતાપૂર્વક અટકાવી તેનો નાશ કર્યો. કુશા મિસાઈલ સિસ્ટમ ફાઈટર એરક્રાફ્ટ, મિસાઈલ, માનવરહિત હવાઈ વાહન (UAV) તેમજ મોટા દુશ્મન વિમાનો સહિત લાંબા અંતર અને ઊંચાઈ પરના વિવિધ પ્રકારના હવાઈ ખતરાઓને નિષ્ક્રિય કરવામાં સક્ષમ છે.

## આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન અને ગણિત ઓલિમ્પિયાડ

### 2026માં ભારતનું ઐતિહાસિક પ્રદર્શન




ભારતીય વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિત ઓલિમ્પિયાડ 2026માં અસાધારણ પ્રદર્શન કરીને વૈશ્વિક મંચ પર દેશની વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાનો પરિચય આપ્યો છે. ભારતે આ વર્ષે ચારેય ઓલિમ્પિયાડમાં કુલ 12 ગોલ્ડ અને 7 સિલ્વર મેડલ જીત્યા છે. સૌથી નોંધપાત્ર સિદ્ધિ એ રહી કે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર ઓલિમ્પિયાડમાં ભાગ લેનારા તમામ ભારતીય પ્રતિનિધિઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા. આ નોંધપાત્ર સફળતા વિજ્ઞાન અને ગણિત માટેના રાષ્ટ્રીય ઓલિમ્પિયાડ કાર્યક્રમની અસરકારકતા દર્શાવે છે. આ કાર્યક્રમ પરમાણુ ઊર્જા વિભાગના સહયોગથી અને હોમી ભાભા વિજ્ઞાન શિક્ષણ કેન્દ્રના સમગ્ર માર્ગદર્શન હેઠળ અમલમાં મૂકવામાં આવે છે.

લગભગ 4 દાયકાથી પરમાણુ ઊર્જા વિભાગ દેશની કુશળ યુવા પ્રતિભાઓને ઓળખવા, તેમને પ્રોત્સાહન આપવા અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સફળતા મેળવવા માટે જરૂરી સંસ્થાકીય સહાય પૂરી પાડી રહ્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિ ભારતના મજબૂત વૈજ્ઞાનિક ભવિષ્ય અને વૈશ્વિક સ્તરે સતત મજબૂત બની રહેલી તેની ઓળખનો સ્પષ્ટ પુરાવો છે. ■



કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય

# ભવ્ય-રસાયણ યોજનાને મંજૂરી,

# PM-KISAN યોજના ચાલુ રહેશે

*દેશને રાસાયણિક ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. આ જ દિશામાં કેન્દ્રીય મંત્રીમંડળે ભવ્ય-રસાયણ યોજનાને મંજૂરી આપી છે, જે દેશના રાસાયણિક અને પેટ્રોકેમિકલ ક્ષેત્રના ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઉપરાંત, 2026-27થી 2030-31 સુધી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના ચાલુ રાખવા સહિત અન્ય અનેક મહત્વપૂર્ણ પ્રસ્તાવોને પણ મંજૂરી આપવામાં આવી છે.*

**નિર્ણય: દેશમાં ત્રણ સમર્પિત રસાયણ પાર્કની સ્થાપના માટે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના, જેને ભવ્ય-રસાયણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને મંજૂરી આપવામાં આવી છે.**

**અસર:** આ યોજનાની જાહેરાત નાણાકીય વર્ષ 2026-27ના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી હતી. આ યોજના માટે 3,030 કરોડની ફાળવણી કરવામાં આવશે. આ યોજના નાણાકીય વર્ષ 2026-27થી નાણાકીય વર્ષ 2030-31 સુધી, એટલે કે 5 વર્ષ માટે અમલમાં રહેશે.

- રાસાયણિક ઉદ્યોગના અપસ્ટ્રીમ, ડાઉનસ્ટ્રીમ અને સહાયક મૂલ્ય શૃંખલાના ઉદ્યોગોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે.
- ઉત્પાદન ખર્ચમાં સ્પર્ધાત્મકતા વધશે. ભારતીય રાસાયણિક ઉદ્યોગ વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનશે.
- ભારતીય રાસાયણિક ઉદ્યોગનું વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે વધુ સારું એકીકરણ થશે, જેના પરિણામે નિકાસને વેગ મળશે અને આયાત પરની નિર્ભરતા ઘટશે.
- પર્યાવરણને અનુકૂળ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ દ્વારા ટકાઉ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે.

**નિર્ણય: પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાને 2026-27થી 2030-31 સુધી યોજના ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે.**

**અસર:** PM-KISAN યોજના હેઠળ ખેડૂતોને બિયારણ, ખાતર, સિંચાઈ, કૃષિ મશીનરી અને અન્ય કૃષિ જરૂરિયાતો માટે સહાય પૂરી પાડવામાં આવે છે. તેનાથી કૃષિ જરૂરિયાતો માટે સમયસર રોકાણ સુનિશ્ચિત કરવામાં મદદ મળે છે. ખેડૂતોની ઉત્પાદકતા વધે છે અને અનૌપચારિક ધિરાણ પરની તેમની નિર્ભરતા ઘટે છે. ગ્રામીણ પરિવારો આર્થિક રીતે વધુ સશક્ત બને છે.

- કુલ 3.15 લાખ કરોડની નાણાકીય ફાળવણીને મંજૂરી આપવામાં આવી છે.
- આ યોજના હેઠળ પાત્ર જમીનધારક ખેડૂત પરિવારોના બેંક ખાતામાં દર વર્ષે 6,000ની નાણાકીય સહાય 3 સમાન હપ્તામાં જમા કરવામાં આવે છે.
- અત્યાર સુધીમાં 23 હપ્તા હેઠળ 4.47 લાખ કરોડથી વધુની રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

મંત્રીમંડળના નિર્ણયો અંગેનું પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.



**નિર્ણય: સુધારો કરેલી ખેલો ઈન્ડિયા યોજના અને રાષ્ટ્રીય રમતગમત મહાસંઘ(ANSF) માટે વધારાની સહાયને મંજૂરી.**

**અસર:** 2026-27થી 2030-31ના સમયગાળા માટે ₹36,441 કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી છે. મંજૂર થયેલી આ ફાળવણી અગાઉની ખેલો ઈન્ડિયા યોજના કરતાં લગભગ 8 ગણી વધારે છે.

- આ પહેલ રમતગમતના માળખાને વધુ મજબૂત બનાવશે અને રાષ્ટ્રીય રમતગમત સંઘને મળતું ભંડોળ વધારશે.
- ક્ષમતા નિર્માણ માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ખેલાડીઓ વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી શકે તે માટે વિદેશી નિષ્ણાતોની મદદ લેવામાં આવશે.

**નિર્ણય: કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં બલ્લારી-ગુંટકલ વિભાગમાં ત્રીજી અને ચોથી રેલવે લાઇન નાખવાની મંજૂરી.**

**અસર:** આ યોજનાનો અંદાજિત ખર્ચ ₹1,264 કરોડ છે. યોજના 2028-29 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. લાઈનની ક્ષમતામાં વધારો થવાથી રેલવેનું સંચાલન વધુ સુવ્યવસ્થિત બનશે. ભારતીય રેલવેની કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં નોંધપાત્ર સુધારો થશે. મલ્ટી-ટ્રેકિંગ યોજના રેલવે સંચાલનને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં અને ભીડ ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

- રેલવે નેટવર્કમાં લગભગ 46 કિલોમીટરનો વધારો થશે.
- દર વર્ષે 1.6 કરોડ ટનની વધારાની માલવહન ક્ષમતા ઉપલબ્ધ થશે. લોજિસ્ટિક્સ ખર્ચમાં દર વર્ષે આશરે ₹149 કરોડની બચત થશે.
- આશરે 99 ગામોને વધુ સારું રેલ જોડાણ મળશે. તેનાથી લગભગ 7 લાખ લોકોને લાભ થશે.
- રેલ માર્ગની ક્ષમતામાં વધારો થતાં બલ્લારી કિલ્લો અને શ્રી કુમારસ્વામી મંદિર સહિત દેશના અનેક મહત્વના પર્યટન સ્થળો સાથેનું રેલ જોડાણ વધુ મજબૂત બનશે.
- દર વર્ષે આશરે 1.32 કરોડ લિટર ઈંધણની બચત થશે. આ યોજનાથી કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં 6.67 કરોડ કિલોગ્રામનો ઘટાડો થશે, જે આશરે 0.27 કરોડ વૃક્ષો વાવવા જેટલી અસર સમાન છે.
- **નિર્ણય: ઊર્જા સંગ્રહ પ્રણાલી સાથે ફ્લોટિંગ સોલાર ફોટોવોલ્ટેઈક યોજનાના વિકાસ માટે 'પ્રધાનમંત્રી સૂર્ય સરોવર યોજના (PM-SSY)'ને મંજૂરી.**

અસર: આ યોજના હેઠળ 5,000 મેગાવોટ ક્ષમતાના ફ્લોટિંગ સોલાર ફોટોવોલ્ટેઈક યોજના વિકસાવવામાં આવશે.

- xઆ યોજના નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં વધારો કરશે, જે રાષ્ટ્રીય ઊર્જા અને આબોહવા સંબંધિત લક્ષ્યો હાંસલ કરવામાં મદદરૂપ થશે.
- જળસંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગને પ્રોત્સાહન મળશે અને વિકસિત ભારતના વિઝનને આગળ વધારવામાં મદદ મળશે.
- આ યોજનાથી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાભ થશે તેમજ મોટા પાયે રોજગારીનું સર્જન થશે. આ યોજના માટે કુલ ₹5,070 કરોડની બજેટ ફાળવણી કરવામાં આવી છે.

**નિર્ણય: 'સમુદ્ર મંથન' રાષ્ટ્રીય અપતટીય સંશોધન યોજનાને મંજૂરી.**

**અસર:** 'સમુદ્ર મંથન' એક પરિવર્તનકારી રાષ્ટ્રીય પહેલ છે, જે દેશના અપતટીય ઊર્જા સંસાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપશે, લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવશે, તકનીકી ક્ષમતામાં વધારો કરશે અને અર્થતંત્ર તથા ભાવિ પેઢીઓ માટે સ્થાયી મૂલ્યનું સર્જન કરશે.

- આ યોજના અપતટીય સંશોધન પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો કરશે, સ્થાનિક તેલ અને ગેસના ઉત્પાદનમાં વેગ લાવશે અને મોટા પાયે રોજગારીનું સર્જન કરશે.
- આ સાથે, 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' હેઠળ સ્થાનિક ઉત્પાદનને વધુ મજબૂત બનાવવામાં આવશે.
- નાણાકીય વર્ષ 2030-31 સુધી આ યોજના માટે 84,084 કરોડની ફાળવણીને મંજૂરી આપવામાં આવી છે.



*"અમે દેશભરના આપણા ખેડૂત ભાઈ-બહેનોના સશક્તિકરણ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છીએ. આ દિશામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને 2030-31 સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવી છે. તેનાથી ખેડૂતોને બિયારણ, ખાતર અને ખેતીની અન્ય જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે તેમજ તેમની આર્થિક સ્થિતિ પણ વધુ મજબૂત બનશે."* - **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**




**જન ધન યોજના**

# લોક કેન્દ્રિત આર્થિક પહેલ : સમાવેશી વિકાસનો મજબૂત પાયો

*છેલ્લાં 12 વર્ષોમાં જો કોઈ યોજનાએ દેશના વિકાસની દિશા અને વિચારમાં પરિવર્તન લાવીને આર્થિક ક્રાંતિ સર્જી હોય, તો તે પ્રધાનમંત્રી જન ધન યોજના છે. 28 ઓગસ્ટ, 2014ના રોજ શરૂ થયેલી આ યોજના આજે 12 વર્ષ પૂર્ણ કરી રહી છે. આ યોજના લોકોના સશક્તિકરણના હેતુથી શરૂ કરવામાં આવી હતી, જેથી દેશના આર્થિક સંસાધનોનો લાભ ગરીબો સુધી પહોંચી શકે. આજે જન ધન યોજના આર્થિક, સામાજિક અને ટેકનોલોજીકલ સશક્તિકરણનો મજબૂત આધાર બની છે અને તેની બહુમુખી અસર દ્વારા પરિવર્તનની ઊંડી છાપ છોડી રહી છે.*

1

છત્તીસગઢના જશપુર જિલ્લાના કર્માટિકરા ગામમાં રહેતા લીલાબાઈ પોર્તેના પરિવારમાં 6 સભ્યો હતા. પરિવાર ખેતમજૂરી કરીને જીવનનિર્વાહ કરતો હતો. 2015માં તેમના ગામથી બેંક 7 કિલોમીટર દૂર હતી અને તેમની પાસે કોઈ બેંક ખાતું નહોતું. એક દિવસ બેંક મિત્ર ગામમાં આવ્યા અને પોતાના નાના મશીનની મદદથી તેમનું ખાતું ખોલાવ્યું. ત્યારબાદ તેમણે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના માટે પણ ફોર્મ ભરાવ્યું. તે જ વર્ષે તેમના પતિનું લૂ લાગવાના કારણે અવસાન થયું. આ ઘટનાથી તેઓ માનસિક અને આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાઈ ગયા. જ્યારે બેંક મિત્રને આ અંગે જાણ થઈ, ત્યારે તેમણે સામાજિક સુરક્ષા યોજના હેઠળ મળતી વીમા સહાય વિશે માહિતી આપી. તેઓ તેમના ઘરે આવ્યા, જરૂરી ફોર્મ ભરાવ્યું અને તેને કચેરીમાં મોકલ્યું. ત્યારબાદ તેમના બેંક ખાતામાં ₹2 લાખની વીમા રકમ જમા થઈ. મુશ્કેલીના સમયમાં આ સહાય તેમના માટે આર્થિક સબળ અને આશાનું કારણ બની.



2

મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લાના પાનિહાર ગામના રહેવાસી ગજેન્દ્ર સિંહે ઓગસ્ટ 2014માં પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ બેંક ખાતું ખોલાવ્યું. તે પહેલાં તેમની પાસે ન તો બેંક ખાતું હતું અને ન તો બેંકિંગ વ્યવસ્થાની કોઈ જાણકારી હતી. તેઓ એક સીમાંત ખેડૂત છે. સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયાની બરાઈ શાખામાં ખાતું ખોલાવ્યા પછી તેમણે તેનો નિયમિત ઉપયોગ શરૂ કર્યો. સાથે જ તેમણે આસપાસના ગામોમાં પણ જન ધન ખાતાના લાભો અંગે જાગૃતિ ફેલાવી. આ યોજનાના કારણે નાણાકીય સમાવેશ પ્રત્યે તેમની સમજ અને જાગૃતિમાં પણ વધારો થયો.

પ્રધાનમંત્રી જન ધન યોજનાના લાભાર્થીઓની આ સફળતાની કહાનીઓ માત્ર બેંક ખાતું ખોલાવવા પૂરતી મર્યાદિત નથી. આત્મવિશ્વાસ, આત્મસન્માન અને ગૌરવની અનુભૂતિ કરાવતા આ પરિવર્તનોએ છેલ્લા 12 વર્ષોમાં દેશના સામાજિક-આર્થિક વાતાવરણમાં એક નવા યુગની શરૂઆત કરી છે. મજબૂત અર્થવ્યવસ્થા કોઈપણ સમાજમાં પરિવર્તનનું પ્રેરક બળ હોય છે અને બેંક ખાતું આર્થિક સુરક્ષાનો પાયો છે. જન ધન યોજનાની અસર માત્ર બેંક ખાતા ખોલાવવા સુધી સીમિત રહી નથી. તેની 12 વર્ષની સફર દરમિયાન આ યોજના અનેક સ્તરે ગહન અને સ્થાયી પરિવર્તનનું પ્રતીક બની છે. તેણે સામાજિક, આર્થિક, ટેકનોલોજીકલ અને વૈશ્વિક સ્તરે ભારતની ઓળખને નવી દિશા આપી છે.

15 ઓગસ્ટ, 2014ના રોજ બેંકિંગ સેવાઓથી વંચિત અને ગરીબ લોકોને બેંકિંગ તથા નાણાકીય સેવાઓ સાથે જોડીને ગરીબીના ચક્રમાંથી બહાર લાવવાના હેતુથી આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાતના માત્ર 15 દિવસમાં જ આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. લોક કેન્દ્રિત આર્થિક પહેલના પાયા સમાન આ યોજના 'દરેક ઘર'થી એક ડગલું આગળ વધીને 'દરેક પુખ્ત વ્યક્તિ' સુધી બેંક ખાતાની સુવિધા પહોંચાડવાનો સંકલ્પ સાકાર કરે છે. જન ધન ખાતા જેવી એક નાની પહેલે ગરીબોના આત્મસન્માનને નવી ઓળખ આપી અને લાખો-કરોડો રૂપિયાની બચતનો માર્ગ પણ મોકળો કર્યો.

વર્ષ 2014માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારનું નેતૃત્વ સંભાળ્યું, ત્યારે દેશની સમગ્ર વ્યવસ્થાનો તેમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. સુશાસન ક્ષેત્રના પોતાના



# પ્રધાનમંત્રી જન ધન યોજના : એક નજરમાં

**કુલ જન ધન ખાતાં**
(8 જુલાઈ, 2026 સુધી)
**58.70**
કરોડ

**ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ખાતાંનો હિસ્સો**
આશરે
**78%**

**જારી કરાયેલા RuPay કાર્ડ**
આશરે
**41** કરોડ



**મહિલા ખાતાધારકોનો હિસ્સો**
આશરે
**56%**

**કુલ થાપણ રકમ**
આશરે
**3.10**
લાખ કરોડ રૂપિયા

**ઝીરો બેલેન્સ ખાતાઓમાં ઘટાડો**
આશરે **70%** (2015)
આશરે **8%** (2026)

અગાઉના અનુભવનો ઉપયોગ કરીને તેમણે સમાજના અંતિમ છેવાડાના વ્યક્તિને સશક્ત બનાવવા અને તેના માટે આર્થિક સુરક્ષાનું મજબૂત માળખું ઊભું કરવા લાંબા ગાળાનાં અને સુનિયોજિત પગલાં લીધાં. પ્રધાનમંત્રી જન ધન યોજના આ તમામ પહેલોનો આધારસ્તંભ બની. ગરીબોના ઘરઆંગણે બેંકિંગ સેવાઓ પહોંચાડવા માટે પણ એક અનોખી પહેલ કરવામાં આવી. દેશના દરેક નાગરિકને તેના હકનો લાભ મળે તે માટે કેન્દ્ર સરકારે વ્યાપક અભિગમ અપનાવી જન ધન ખાતું, આધાર અને મોબાઈલની ત્રિશક્તિ ઊભી કરી, જેના કારણે ગરીબોના શોષણ પર અંકુશ આવ્યો. હવે ઘર નિર્માણની સહાય હોય, ગેસ સબસિડી હોય, મનરેગાનું ભંડોળ હોય કે કિસાન સન્માન નિધિ જેવી યોજનાઓની સહાય સીધી જ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થવા લાગી. પરિણામે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના દરેકને સીધો લાભ મળવાની વ્યવસ્થા ઊભી થઈ. ત્યારબાદ લાભાર્થીઓને વધુ સશક્ત બનાવવા માટે તેમને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મુદ્રા યોજના જેવી પહેલો સાથે જોડવાની વ્યવસ્થા વિકસાવવામાં આવી. આ રીતે પ્રધાનમંત્રી જન ધન યોજના આર્થિક અને સામાજિક સુરક્ષાનું મજબૂત માળખું ઊભું કરવાની સાથે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપતી અનેક યોજનાઓનો પાયો બની.

એક સમય એવો હતો જ્યારે દેશમાં એવી માન્યતા હતી કે, "ગરીબોને બેંક ખાતાની શું જરૂર?" દેશને સ્વતંત્રતા મળ્યાના 68 વર્ષ પછી પણ લગભગ 68% વસ્તી બેંકિંગ વ્યવસ્થાથી વંચિત હતી. 1969માં બેંકોનું રાષ્ટ્રીયકરણ થયા પછી પણ 2014 સુધી એવી સ્થિતિ હતી કે દેશમાં 50 કરોડથી વધુ એવા ગરીબ લોકો હતા, જેમની પાસે બેંક ખાતું પણ

# PMJDY

## ખાતાંની સુવિધાઓ અને મફત સેવાઓ

PMJDY હેઠળ ખોલવામાં આવતાં ખાતાં બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ એકાઉન્ટ્સ એટલે કે BSBD ખાતા છે. સંપૂર્ણ KYC પૂર્ણ કરેલા PMJDY ખાતાંમાં બેલેન્સ અથવા વ્યવહારોની રકમ અંગે કોઈ મર્યાદા નથી.

બેંક શાખા તેમજ ATM/CDM દ્વારા રોકડ જમા કરાવી શકાય છે.

કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા અથવા કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ચેક દ્વારા નાણાં પ્રાપ્ત કરી શકાય છે તથા જમા કરાવી શકાય છે.

એક મહિનામાં જમા કરાવી શકાય તેવી રકમ અથવા મૂલ્ય પર કોઈ મર્યાદા નથી.

મેટ્રો ATM સહિત કોઈપણ ATMમાંથી દર મહિને ઓછામાં ઓછા 4 મફત ઉપાડ કરી શકાય છે.

મફત RuPay ડેબિટ કાર્ડ, જેમાં ₹2 લાખનું બિલ્ટ-ઈન અકસ્માત વીમા કવચ ઉપલબ્ધ છે.



> **"પીએમ જન ધનને સફળ બનાવવા માટે કાર્યરત તમામ લોકોના અથાક પ્રયાસોની હું પ્રશંસા કરું છું. તેમના પ્રયત્નોથી કરોડો ભારતીયોના જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે."**
>
> **-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

નહોતું. આ વર્ગ ક્યારેય બેંક સુધી જવાની હિંમત કરતો નહોતો. તેમના માટે બેંક ખાતું હોવું એ માત્ર સમૃદ્ધ લોકોની બાબત માનવામાં આવતી હતી. પરંતુ ઓગસ્ટ 2014 પછી જ્યારે તેમણે જોયું કે બેંકિંગ સેવાઓ તેમના ઘરઆંગણે પહોંચી રહી છે, ત્યારે તેમનામાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનનો સંચાર થયો અને તેમના મનમાં આશાનું નવું બીજ અંકુરિત થયું. આજે તેઓ ગર્વથી પોતાના ખિસ્સામાંથી RuPay કાર્ડ કાઢે છે. એક સમય હતો જ્યારે RuPay કાર્ડ (ડેબિટ કાર્ડ) માત્ર સમૃદ્ધ લોકોનું સ્ટેટસ સિમ્બોલ માનવામાં આવતું હતું, પરંતુ કેન્દ્ર સરકારે જન ધન ખાતાઓ દ્વારા આ માન્યતા બદલી નાખી. જન ધનનું આ બીજ આજે એક વિશાળ વૃક્ષ બની ગયું છે, જે અસંખ્ય લોકોને લાભ આપી રહ્યું છે.

### જન-ધનનો પાયો

### પાંચ સ્તરીય અસર બન્યો આધાર

આજે જન-ધન યોજના હેઠળ 58 કરોડથી વધુ બેંક ખાતાં છે. આ યોજનાએ માત્ર સૌ માટે બેંકિંગ સેવાઓની ઉપલબ્ધિ જ સુનિશ્ચિત નથી કરી, પરંતુ સમાવેશી વિકાસનો મજબૂત પાયો પણ નાખ્યો છે. તેની સૌથી મોટી અસર એ છે કે દેશના લગભગ તમામ પરિવારો અને નાગરિકો હવે બેંકિંગ વ્યવસ્થાનો ભાગ બન્યા છે. આ માત્ર એક બેંક ખાતું નથી, પરંતુ સુવ્યવસ્થિત આર્થિક સુરક્ષાનું મજબૂત માધ્યમ બની ગયું છે. બીજી મહત્વપૂર્ણ



# 1 લોક-કેન્દ્રિત આર્થિક પહેલનો પાયો

અસર

1

**દેશના દરેક પરિવારને ઓછામાં ઓછું એક બેઝિક સેવિંગ્સ બેંક એકાઉન્ટ ઉપલબ્ધ કરાવીને બેંકિંગ ઈન્ડિયાનો પાયો નાખવામાં આવ્યો.**

**89%+** થી વધુ પુખ્ત વયના લોકો પાસે બેંક ખાતું છે, વિશ્વ બેંકના ગ્લોબલ ફિનડેક્સ 2025 અહેવાલ અનુસાર.

**35%** વયસ્કો પાસે જ 2011માં બેંક ખાતું હતું.

2

**શૂન્ય બેલેન્સ સાથે ખાતું ખોલવાની સુવિધાને કારણે સૌથી ગરીબ વ્યક્તિ પણ ઔપચારિક બેંકિંગ વ્યવસ્થા સાથે જોડાઈ શકી.**

હવે ઝીરો બેલેન્સ ખાતાઓની સંખ્યા **10%**થી ઓછી રહી છે.

3

**ડેબિટ કાર્ડ હવે માત્ર સ્ટેટસ સિમ્બોલ રહ્યા નથી; તેમણે ડિજિટલ ચુકવણીને પણ વેગ આપ્યો છે.**




**40.89** કરોડ

ખાતાધારકોને RuPay ડેબિટ કાર્ડ વિનામૂલ્યે આપવામાં આવ્યા, જેના કારણે લોકોમાં ડિજિટલ ચુકવણીની આદતને પ્રોત્સાહન મળ્યું.

4

**અકસ્માત વીમા કવચ અને ઓવરડ્રાફ્ટ સુવિધાએ ખાતાધારકોને વધારાની નાણાકીય સુરક્ષા પૂરી પાડી.**



**34.77** લાખ

PMJDY ખાતાધારકોએ ઓવરડ્રાફ્ટ સુવિધાનો લાભ લીધો. ₹10,000 સુધીની શરતી ઓવરડ્રાફ્ટની સુવિધા ઉપલબ્ધ છે.

5

**બેંક મિત્રો અને બેંકિંગ નેટવર્કના વિસ્તરણથી બેંકિંગ સેવાઓ અંતિમ છેવાડા સુધી પહોંચી, જેના કારણે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં પણ બેંકિંગની પહોંચ સુનિશ્ચિત થઈ.**

**13.55** લાખ

બેંકિંગ મિત્રો (બિઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ) શાખા વિનાની બેંકિંગ સેવાઓ પૂરી પાડી રહ્યા છે.

**45.68** કરોડ

ખાતાં ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ખોલવામાં આવ્યા છે, જે કુલ ખાતાઓના આશરે 78% છે.

6

**બચતની સંસ્કૃતિ અને નાણાકીય શિસ્તને પ્રોત્સાહન મળ્યું.**

**3.10** લાખ કરોડ રૂપિયાની

**જન ધન ખાતાઓમાં થાપણ જમા છે, ખાતામાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની કોઈ આવશ્યકતા નથી.**



> ***"જ્યારે સમાજનો અંતિમ વ્યક્તિ પણ આર્થિક રીતે મુખ્ય પ્રવાહ સાથે જોડાય છે, ત્યારે આખો દેશ એકસાથે પ્રગતિ કરે છે. પ્રધાનમંત્રી જન ધન યોજનાએ આ જ પ્રાપ્ત કર્યું છે. આ યોજનાએ લોકોનું ગૌરવ વધાર્યું છે અને તેમને પોતાનું ભાગ્ય પોતે ઘડવા માટે સશક્ત બનાવ્યા છે."***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અસર એ થઈ કે જન ધન, આધાર અને મોબાઈલ (JAM)ની ત્રિશક્તિએ સરકારી યોજનાઓના લાભો સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં પહોંચે તેની ખાતરી કરી. તેના પરિણામે ભ્રષ્ટાચાર અને લીકેજ પર નિયંત્રણ આવ્યું. વચેટિયાઓની ભૂમિકા સમાપ્ત થઈ અને સામાજિક-આર્થિક યોજનાઓના લાભો સીધા અંતિમ લાભાર્થી સુધી પહોંચવા લાગ્યા. આનાથી અર્થવ્યવસ્થાનું ઔપચારિકીકરણ થયું અને બેંકિંગ વ્યવસ્થામાં વધુ નાણાકીય વ્યવહારો જોડાયા. આજે જન ધન યોજનાએ વિવિધ સરકારી યોજનાઓના લાભો સીધા બેંક ખાતામાં જમા કરીને, પાકાં મકાનો ઉપલબ્ધ કરાવીને, ઉજ્જવલા યોજના હેઠળ મફત ગેસ સિલિન્ડર આપીને, મુદ્રા યોજના હેઠળ ગેરંટી વિના ધિરાણ આપીને તથા PM સ્વામિત્વ યોજના સહિતની અન્ય સામાજિક કલ્યાણ યોજનાઓ દ્વારા ગરીબોમાં આત્મવિશ્વાસ વધાર્યો છે.

ત્રીજી મહત્વપૂર્ણ અસર એ રહી કે સામાન્ય નાગરિકો માટે સામાજિક સુરક્ષાનું મજબૂત માળખું ઊભું થયું અને સમાવેશી વિકાસના નવા યુગની શરૂઆત થઈ.

જન ધન ખાતાના કારણે



# 2 ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) અને શાસનમાં પારદર્શિતા

અસર

1

**જન ધન-આધાર-મોબાઈલ (JAM ટ્રિનિટી) ની ત્રિશક્તિએ સરકારી યોજનાઓની સબસિડી અને લાભો સીધા લાભાર્થીઓના ખાતામાં પહોંચાડવાનું શક્ય બનાવ્યું.**

**52.50** લાખ કરોડ રૂપિયાથી વધુની સબસિડી જન ધન, આધાર અને મોબાઈલ (ત્રિશક્તિ) ટ્રિનિટીનો ઉપયોગ કરીને સીધી નાગરિકોને ટ્રાન્સફર કરવામાં આવી.

**900+** યોજનાઓના લાભાર્થીઓને રૂપિયા DBT દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે છે.



2

**વચેટિયાઓની ભૂમિકા નાબૂદ કરવામાં આવી, જેના કારણે ભ્રષ્ટાચાર અને લિકેજમાં નોંધપાત્ર ઘટાડો થયો.**

ડીબીટીને કારણે, સામાજિક સુરક્ષા લાભાર્થીઓનો વ્યાપ વધ્યો છે.

3

**સરકારી તિજોરીમાં કરોડો રૂપિયાની બચત થઈ, જે હવે વાસ્તવિક લાભાર્થીઓ સુધી પહોંચી રહી છે.**

**₹5+** લાખ કરોડની બચત ડીબીટી દ્વારા સરકારને થઈ. ડુપ્લિકેટ, નકલી ગેસ કનેક્શન અને રેશનકાર્ડ દૂર કરવાથી ડુપ્લિકેશન દૂર થયું.

- ડીબીટી દ્વારા સબસિડી ફાળવણી કુલ સરકારી ખર્ચના 16 ટકાથી ઘટીને 9 ટકા થઈ ગઈ છે, જે જાહેર ખર્ચની દક્ષતામાં મોટો સુધારો છે.



4

**પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના, કોવિડ રાહત સહાય જેવી યોજનાઓના લાભો લાયક નાગરિકો સુધી સીધા અને સમયસર પહોંચ્યા.**

**₹4.46** લાખ કરોડથી વધુની રકમનું ખેડૂતોને 23 હપ્તામાં વિતરણ કરવામાં આવ્યું છે.

**9.44** કરોડથી વધુ ખેડૂતોને સહાય કરાઈ, જેમાં 23% મહિલા લાભાર્થી હતા.

- 2,000 રૂપિયાનો પીએમ કિસાન યોજનાનો પહેલો હપ્તો એપ્રિલ, 2020 માં આપવામાં આવ્યો, જેનો લાભ 8.7 કરોડ ખેડૂતોને મળ્યો હતો.
- લગભગ 11 કરોડ એલપીજી કનેક્શન ઉજ્જવલા યોજના હેઠળ આપવામાં આવ્યા, સબસિડી પણ સીધી ખાતામાં આપવામાં આવે છે.
- 3 કરોડ વિધવાઓ અને દિવ્યાંગ વ્યક્તિઓને કોવિડ-19 દરમિયાન પ્રતિ લાભાર્થીને 1,000 રૂપિયાની સહાય આપવામાં આવી.

5

**ઊંચા વ્યાજે ધિરાણ આપતા સ્થાનિક શાહુકારો પરની નિર્ભરતા ઘટતાં દેવાની જાળમાંથી મુક્તિ મેળવવામાં મદદ મળી.**

- PMJDY હેઠળ ગરીબ અને વંચિત લોકો બેંકિંગ વ્યવસ્થા સાથે જોડાયા. ખાતું ખોલાવ્યા બાદ તેમને ઓવરડ્રાફ્ટ અને ધિરાણ જેવી સુવિધાઓ મળવા લાગી.
- માર્ચ 2026 સુધીમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળ લગભગ 84 લાખ શેરી વિક્રેતાઓને ગેરંટી વિના ₹17,000 કરોડથી વધુની સહાય મળી.

6

## અર્થતંત્રનું ઔપચારિકીકરણ

- રોકડ આધારિત અનૌપચારિક વ્યવહારોને બેંકિંગ વ્યવસ્થાની હદમાં લાવવામાં આવ્યા.
- ઝીરો બેલેન્સ જન ધન ખાતાં ખોલાવતાં અગાઉ ઘરે રાખવામાં આવતી બચત હવે બેંકોમાં જમા થવા લાગી.
- રોકડ વ્યવહારોમાં શાહુકારો દ્વારા લેવાતા અનુચિત લાભમાં ઘટાડો થયો અને ઑનલાઈન ચુકવણીથી વ્યવહારોનો રેકોર્ડ જાળવવો સરળ બન્યો.

7

**નાણાકીય વ્યવહારોનો ડેટા ગરીબ નાગરિકોના ક્રેડિટ સ્કોર અને ભાવિ ધિરાણ પાત્રતા નક્કી કરવામાં મદદરૂપ બની રહ્યો છે.**

- અગાઉ ગરીબ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો પાસે કોઈ ક્રેડિટ ઈતિહાસ ન હોવાથી બેંકો તેમને ધિરાણ આપતી નહોતી. હવે જન ધન યોજનાએ તેમના માટે આ માર્ગ સરળ બનાવ્યો છે.
- ધિરાણની સુવિધામાં વધારો થતાં ગરીબ અને વંચિત વર્ગના જીવનધોરણમાં સુધારો થયો છે. હવે તેઓ શિક્ષણ ધિરાણ મેળવી પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ પણ અપાવી રહ્યા છે.



> જન ધન યોજનાએ નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવામાં અને કરોડો લોકોને, ખાસ કરીને મહિલાઓ, યુવાનો અને વંચિત વર્ગોને ગૌરવપૂર્ણ જીવન સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

જ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના જેવી સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે લોકો જોડાયા. જ્યારે પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરવામાં આવી ત્યારે ઘણા લોકોને આશ્ચર્ય થયું હતું કે આ યોજના કેવી રીતે કાર્ય કરશે અને તેના શું પરિણામ આવશે. પરંતુ સમય જતાં ગરીબોના હિત માટે એક પછી એક અનેક યોજનાઓ તેની સાથે જોડાતી ગઈ. આ યોજના આર્થિક અને સામાજિક સશક્તિકરણનો મજબૂત પાયો બની, જેનો સતત વિસ્તાર થઈ રહ્યો છે. આ દેશમાં કેટલાક લોકોને સરકારી પેન્શન મળે છે, લગભગ 35 લાખ લોકોને. તેમને પહેલા કેટલું પેન્શન મળતું હતું ? કોઈને રૂપિયા સાત, કોઈને રૂપિયા વીસ, તો કોઈને રૂપિયા સવા સો, તો કોઈને માત્ર રૂપિયા અઢીસો જેટલું પેન્શન મળતું હતું. એટલું જ નહીં, આ પેન્શન મેળવવા માટે પણ લોકોને અનેક કિલોમીટર સુધી મુસાફરી કરવી પડતી હતી. હવે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)ના કારણે આ પ્રક્રિયા સરળ બની ગઈ છે. પ્રથમ વખત અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત

# 3 સામાજિક સુરક્ષા અને સમાવેશી વિકાસ

અસર



1

**જન ધન ખાતાઓને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના જેવી સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે.**

**27.8+ કરોડ**

**નોંધણીઓ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ થઈ છે.**

- કોઈપણ કારણસર મૃત્યુના કિસ્સામાં ₹2 લાખના જીવન વીમા કવચની જોગવાઈ.
- વાર્ષિક પ્રીમિયમ ₹436 એટલે કે દરરોજ ₹1.20થી પણ ઓછા ખર્ચે જીવન વીમાની સુવિધા.

**58.78 કરોડ**

**નોંધણીઓ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ થઈ છે.**

- મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ₹2 લાખ તથા કાયમી આંશિક અપંગતાના કિસ્સામાં ₹1 લાખનું એક વર્ષનું અકસ્માત વીમા કવચ.
- 18થી 70 વર્ષની વયના લોકો માટે વાર્ષિક પ્રીમિયમ માત્ર ₹20 (લગભગ એક કપ ચાની કિંમત).

**9.29 કરોડ**

**સબ્સ્ક્રાઈબર્સ અટલ પેન્શન યોજના હેઠળ નોંધાયા છે.**

- આ એવી પ્રથમ પેન્શન યોજના છે જેમાં સરકાર ગેરંટી આપે છે. ₹1,000થી ₹5,000 સુધીના માસિક પેન્શનની ગેરંટી.
- વર્તમાન માસિક હપ્તો ઉંમર અને પસંદ કરેલી પેન્શન રકમના આધારે ₹42થી ₹1,454 સુધીનો છે.

2

**મુદ્રા યોજના હેઠળ મળતી ધિરાણ સુવિધાએ નાના ઉદ્યોગસાહસિકો, ખાસ કરીને મહિલાઓ અને ગ્રામીણ નાગરિકો માટે સ્વરોજગારની નવી તકો ઊભી કરી છે.**



**59+**

**કરોડથી ધિરાણ પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યા છે.**

**40.76**

**લાખ કરોડ રૂપિયાની ધિરાણ સહાય ઉદ્યોગસાહસિકોને આપવામાં આવી છે.**

3

**બચતની આદત વિકસવાથી નાણાકીય શિસ્ત મજબૂત બની છે અને ભવિષ્યનું આયોજન કરવાની ક્ષમતા વધી છે.**

58.70 કરોડ જન ધન ખાતાઓમાં લગભગ ₹3.10 લાખ કરોડની થાપણ રકમ જમા છે, જ્યારે આ ખાતાઓમાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની કોઈ આવશ્યકતા નથી.

4

**પ્રથમ વખત અસંગઠિત ક્ષેત્રના કરોડો શ્રમિકો અને તેમના પરિવારોને જીવન અને અકસ્માત વીમાનું સુરક્ષા કવચ મળ્યું છે.**

**31.65 કરોડ**

થી વધુ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોએ ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવી છે. એક જ પોર્ટલ દ્વારા અનેક સામાજિક-આર્થિક યોજનાઓના લાભો ઉપલબ્ધ થાય છે.

- PMJDY ખાતાધારકોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના જેવી સામાજિક સુરક્ષા યોજનાઓમાં જોડાવાનો વિકલ્પ આપવામાં આવે છે અને તેમને તેમાં નોંધણી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.



> "જન ધન યોજનાએ નાણાકીય સમાવેશને સુનિશ્ચિત કર્યો છે અને અસંખ્ય ભારતીયોને ગૌરવપૂર્ણ જીવન સાથે સશક્ત બનાવ્યા છે. આ યોજનાએ પારદર્શિતાને પણ વધુ મજબૂત બનાવી છે."
>
> -નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



લાખો શ્રમિકો અને તેમના પરિવારોને જીવન વીમા અને અકસ્માત વીમાનું કવચ મળ્યું.

ઉપરાંત, મુદ્રા યોજના હોય કે અન્ય યોજના, બેંક ખાતાઓએ સ્વરોજગારના નવા માર્ગો ખોલ્યા છે.

ચોથી મહત્વપૂર્ણ અસર દેશની અડધી વસ્તી એટલે કે નારી શક્તિ વાસ્તવિક રૂપે સશક્તિકરણના રૂપમાં જોવા મળી. પ્રથમ વખત મહિલાઓને સામાજિક અને આર્થિક ગૌરવની અનુભૂતિ થઈ. આજે જન ધન ખાતાધારકોમાં મહિલાઓનો હિસ્સો 56% થી વધુ છે. મહિલાઓના પોતાના નામે બેંક ખાતાં હોવાથી તેઓ પરિવારના આર્થિક નિર્ણયોમાં

# 4 અસર
# મહિલા સશક્તિકરણ અને સામાજિક ગૌરવ



**1** જન ધન ખાતાઓમાં મહિલાઓનો હિસ્સો લગભગ 56% છે, જે મહિલા આર્થિક સશક્તિકરણ તરફનું એક નિર્ણાયક પગલું છે.

**2** પોતાના નામે બેંક ખાતું હોવાથી મહિલાઓને પરિવારના નાણાકીય નિર્ણયોમાં ભાગ લેવાની અને આત્મનિર્ભર બનવાની તક મળી છે.

**3** ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા મહિલાઓને સહાયની રકમ સીધી તેમના ખાતામાં મળતાં તેમના સામાજિક ગૌરવ અને આર્થિક સશક્તિકરણમાં વધારો થયો છે.

**32.72 કરોડ**

મહિલાઓના નામે જન ધન ખાતાઓ ખોલવામાં આવ્યા છે. હવે તેઓ પોતાની બચત સુરક્ષિત રીતે બેંકમાં જમા રાખી શકે છે.

**75%**

આવાસ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ મહિલાઓના નામે અથવા સંયુક્ત માલિકીમાં મંજૂર કરાઈ છે. ઉપરાંત, અનેક અન્ય સરકારી યોજનાઓમાં પણ મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવે છે અને સહાય કે સબસિડી સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

## મહિલા લાભાર્થી



**68%** પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં

**44%** પ્રધાનમંત્રી સ્વાનિધિ યોજનામાં

**10+ કરોડ**

મહિલા ગ્રામીણ પરિવાર સ્વ-સહાય જૂથો (Self Help Groups) સાથે જોડાયેલી છે, જેમને સરકાર તરફથી વિવિધ પ્રકારની સહાય પણ મળે છે.

સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતાઓમાં જમા થતી બચતથી સશક્તિકરણમાં ગતિ.



4

**કોવિડ-19 મહામારી દરમિયાન મહિલા ખાતાધારકોને તાત્કાલિક એક્સ-ગ્રેશિયા રાહત સહાય શક્ય બની.**

**30,600 કરોડ રૂપિયા**

ની સહાય કોવિડ-19 દરમિયાન 20.40 કરોડ PMJDY મહિલા ખાતાધારકોને સતત ત્રણ મહિના સુધી દર મહિને ₹500ના હપ્તા રૂપે આપવામાં આવી.

**14.17+ કરોડ**

LPG સિલિન્ડર કોવિડ-19 દરમિયાન લગભગ 8 કરોડ પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા. DBT દ્વારા લાભાર્થીઓના ખાતામાં ₹9,670 કરોડની સબસિડી સીધી ટ્રાન્સફર કરવામાં આવી.

5

**પૂર, દુષ્કાળ અને અન્ય કુદરતી આફતો જેવી પરિસ્થિતિઓમાં પણ કટોકટીની રોકડ સહાય સીધી પહોંચાડવા માટે જન ધન ખાતાઓ અસરકારક માધ્યમ બન્યાં.**



***"જન ધન યોજના આપણા નાગરિકોના સશક્તિકરણ તરફનું એક સીમાચિહ્નરૂપ પગલું છે. આ પહેલ દ્વારા લાખો લોકોને નાણાકીય સેવાઓ સાથે જોડવામાં આવ્યા છે, જેથી વિકસતા અર્થતંત્રમાં દરેક ભારતીયને યોગ્ય સ્થાન મળી રહે. અમે તેમને મુખ્ય પ્રવાહ સાથે જોડ્યા છે."***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

ભાગીદાર બની છે અને આત્મનિર્ભરતા તરફ આગળ વધી છે. બચતની આદત અને નાણાકીય શિસ્તના વિકાસે તેમના માટે બેંકિંગનો મજબૂત પાયો તૈયાર કર્યો છે. બેંકો દ્વારા બચત કરવાની આદત વિકસતાં નાણાકીય સુરક્ષાની ભાવના વધુ મજબૂત બની છે. વધુમાં, કોવિડ-19 મહામારી દરમિયાન પણ કેન્દ્ર સરકાર મહિલાઓના ખાતાંમાં સહાયની રકમ સીધી જમા કરાવી શકી, જે જન ધન ખાતાઓને કારણે શક્ય બન્યું. જન ધન ખાતાઓ ન હોત તો કોવિડ દરમિયાન સહાય પહોંચાડવી કેટલી મુશ્કેલ બની હોત, તેની સહેલાઈથી કલ્પના કરી શકાય છે. આ રીતે, કોઈપણ આપત્તિ કે કટોકટીની સ્થિતિમાં સહાય પહોંચાડવા માટે જન ધન ખાતાઓ એક અસરકારક માધ્યમ બની ગયા છે.

પાંચમી અને અત્યંત મહત્વપૂર્ણ અસર એ રહી કે છેવાડાના ગામડાંઓ સુધી પણ ટેક્નોલોજી આધારિત નાણાકીય સશક્તિકરણ પહોંચ્યું છે. આ બેંક ખાતાઓએ ડિજિટલ UPI ચુકવણીમાં ક્રાંતિ લાવી છે. RuPay કાર્ડ અને મોબાઈલ બેંકિંગના ઉપયોગથી ગ્રામીણ વિસ્તારોમાં પણ ડિજિટલ સાક્ષરતામાં વધારો થયો છે. આજે ભારતનું UPI વૈશ્વિક



# 5 અસર: ડિજિટલ ઈન્ડિયા અને ટેક્નોલોજી આધારિત સશક્તિકરણ



**1**

જન ધન ખાતાઓએ UPI જેવી ડિજિટલ ચુકવણી વ્યવસ્થાનો પાયો નાખ્યો, જેના પરિણામે આજે ભારત વિશ્વમાં સૌથી વધુ ડિજિટલ વ્યવહારો કરતો દેશ બન્યો છે.




**55.49** કરોડ
થી વધુ વપરાશકર્તાઓ UPIના છે.

**314+** લાખ કરોડ રૂપિયાના
વ્યવહારો વર્ષ 2025-26 દરમિયાન UPI મારફતે થયા.

**10**
દેશો - ભૂતાન, સિંગાપોર, સંયુક્ત આરબ અમીરાત (UAE), ફ્રાન્સ, મોરિશિયસ, શ્રીલંકા, નેપાળ, કતાર, ગ્રીસ અને કંબોડિયા - UPIનો ઉપયોગ કરી રહ્યા છે.

**2**

RuPay કાર્ડ અને મોબાઈલ બેંકિંગ દ્વારા ગ્રામીણ તથા દૂરના વિસ્તારોમાં પણ ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન મળ્યું છે.

**40.89** કરોડ
જન ધન ખાતાધારકોને RuPay ડેબિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

**6.39** કરોડ
લોકોને પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન હેઠળ તાલીમ આપવામાં આવી છે.



**3**

જન ધન દર્શક એપ દ્વારા 5 કિમીની ત્રિજ્યામાં ઉપલબ્ધ બેંકિંગ આઉટલેટ્સનું મેપિંગ કરવામાં આવ્યું છે.

**21.6** લાખથી વધુ બેંકિંગ ટચપોઈન્ટ દેશમાં ઉપલબ્ધ છે.

**6** લાખથી વધુ ગામો, એટલે કે 99.92% ગામોમાં 5 કિમીની ત્રિજ્યામાં બેંકિંગ સુવિધા (બેંક શાખા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક અથવા બેંક મિત્ર) ઉપલબ્ધ છે.



## રાષ્ટ્રીય અને વૈશ્વિક ઓળખ

1

**જન ધન યોજનાને વિશ્વ બેંક અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા વિશ્વના સૌથી મોટા નાણાકીય સમાવેશ અભિયાન તરીકે માન્યતા મળી છે.**

# 18,096,130

**જન ધન ખાતાઓ 23 થી 29 ઓગસ્ટ, 2014 દરમિયાન એક અઠવાડિયાના વિશેષ અભિયાન દરમિયાન ખોલવામાં આવ્યા હતા. આ સિદ્ધિને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હતું.**




2

**આ યોજના અન્ય વિકાસશીલ દેશો માટે સમાવેશી નાણાકીય વ્યવસ્થાના સફળ મોડેલ તરીકે ઉભરી આવી છે.**



*"પ્રધાનમંત્રી જન ધન યોજના એક ગેમ ચેન્જર સાબિત થઈ છે. તે અસંખ્ય ગરીબી નિવારણ કાર્યક્રમોનો પાયો બની, જેના કારણે કરોડો લોકોને લાભ મળ્યો. જન ધન યોજનાએ અનેક પરિવારોનું ભવિષ્ય સુરક્ષિત બનાવ્યું છે. આ યોજનાના લાભાર્થીઓમાં મોટી સંખ્યામાં ગ્રામીણ નાગરિકો અને મહિલાઓનો સમાવેશ થાય છે."*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

સ્તરે પોતાની આગવી ઓળખ ધરાવતું પ્લેટફોર્મ બની ગયું છે.

જન ધન યોજના બહુઆયામી અસરનો મજબૂત આધારસ્તંભ બની છે. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ હોય અથવા અન્ય વૈશ્વિક સંસ્થાઓ, દરેકે આ યોજનાની પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે જન ધન યોજનાએ બેંક ખાતાઓ તથા નાણાકીય સેવાઓની પહોંચમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ યોજનાને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ વિશેષ માન્યતા મળી છે. વિશ્વના સૌથી મોટા નાણાકીય સમાવેશ અભિયાનનો આધાર બનેલી જન ધન યોજના આજે અનેક વિકાસશીલ દેશો માટે એક પ્રેરણાદાયક મોડેલ બની છે.

### એક જનઆંદોલન, જે જીવનરેખા બન્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના છેલ્લા 12 વર્ષમાં જન ધન યોજના માત્ર એક નાણાકીય યોજના નથી રહી, પરંતુ સામાજિક ન્યાય, પારદર્શક શાસન અને સમાવેશી વિકાસનું પ્રતીક બની છે. બેંકિંગ સેવાઓથી વંચિત ભારતથી બેંકિંગ યુક્ત ભારત સુધીની આ યાત્રા કરોડો નાગરિકો માટે ગૌરવ, સુરક્ષા અને આત્મનિર્ભરતાનો માર્ગ બની છે.

જન ધન યોજનાની સફળતા અને તેની પંચ સ્તરીય અસરને કારણે સુશાસન દ્વારા આત્મનિર્ભરતા નવા ભારતની ઓળખ બની છે, જે વિકસિત ભારતના નિર્માણનો માર્ગ વધુ મજબૂત બનાવે છે.



પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**જીંદથી લગભગ 14,700 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓની ભેટ**

# રેલ પરિવહનનું ભવિષ્ય...

# હાઈડ્રોજન ટ્રેન

*ભારતે પર્યાવરણમૈત્રી ગતિશીલતા (મોબિલિટી)ના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વિશ્વનું 1,155 કિલોમીટર લાંબું ત્રીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક હોય, 23 હજાર ઈલેક્ટ્રિક બસોને મંજૂરી મળી હોય કે ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવેનું સતત વિસ્તરતું નેટવર્ક હોય - આ તમામ પહેલ હરિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને વેગ આપી રહી છે. આ જ દિશામાં આગળ વધતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 17 જુલાઈના રોજ હરિયાણામાં જીંદ અને સોનીપત વચ્ચે ભારતની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ માત્ર એક ટ્રેન નથી, પરંતુ આત્મનિર્ભર ભારત, હરિત ઊર્જા અને આધુનિક ભારતીય રેલવેની નવી ઓળખ છે.*

રેલ હોય કે રોડ, બે સ્થળોને જોડતી દરેક પરિવહન વ્યવસ્થા એક તરફ લોકો માટે સુવિધા ઊભી કરે છે તો બીજી તરફ વિકાસની ગતિને પણ અનેકગણી વધારે છે. આ જ કારણ છે કે સરકાર પરિવહન અને કનેક્ટિવિટીના વિકાસ પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હરિયાણાના જીંદમાં દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી બતાવવાના તથા અન્ય અનેક વિકાસ પરિયોજનાઓના લોકાર્પણ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ હાઈડ્રોજન ટ્રેન અન્ય તમામ ટ્રેનોથી સંપૂર્ણપણે અલગ છે. તેના સંચાલન માટે જીંદમાં સંપૂર્ણ સિસ્ટમ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. આવનારા સમયમાં અહીં હાઈડ્રોજન ટ્રેન સાથે સંકળાયેલું વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે અને નવી ફેક્ટરીઓ પણ સ્થાપવામાં આવશે, જે

> **"ભારતની હાઈડ્રોજન ટ્રેન ધુમાડા રહિત તો છે જ, સાથે જ તે 'મેક ઈન ઈન્ડિયા'નું એક સફળ ઉદાહરણ પણ છે. આ હાઈડ્રોજન ટ્રેનની ડિઝાઈન ભારતના એન્જિનિયરોએ તૈયાર કરી છે અને તેનું નિર્માણ પણ ભારતની જ કંપનીએ કર્યું છે."**
>
> **-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## સૌથી શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેન



**3,200**

હોર્સપાવરની ક્ષમતા ધરાવતી વિશ્વની સૌથી લાંબી અને સૌથી શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેન.

- વિશ્વમાં હાઈડ્રોજન ટ્રેન ટેક્નોલોજીનો વિકાસ આશરે 7-8 વર્ષ પહેલાં શરૂ થયો હતો. હાલમાં વિશ્વના માત્ર 3-4 દેશો પાસે જ હાઈડ્રોજન ટ્રેન ચલાવવાની ક્ષમતા છે.

### 21મી સદીની રેલવેની નવી ઓળખ

- 19મી સદીમાં રેલવેની ઓળખ સ્ટીમ એન્જિન હતી. 20મી સદીમાં ડીઝલ અને ઈલેક્ટ્રિક ટ્રેનો પ્રચલિત બની. અને હવે 21મી સદીમાં હાઈડ્રોજન સંચાલિત ટ્રેન રેલવેની નવી ઓળખ બની રહી છે.

### રેલવે નેટવર્કનું વ્યાપક વીજળીકરણ

- વર્ષ 1925થી 2014 સુધીના લગભગ 90 વર્ષમાં દેશના માત્ર 30% રેલવે નેટવર્કનું જ વીજળીકરણ થયું હતું. પરંતુ છેલ્લા 12 વર્ષમાં ભારતના આશરે 99% રેલવે નેટવર્કનું વીજળીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

### પાંચ રાષ્ટ્રીય રાજમાર્ગોથી જોડાયેલું જીંદ

- જીંદ હવે દેશનો એવો જિલ્લો બન્યો છે, જે પાંચ રાષ્ટ્રીય રાજમાર્ગો સાથે જોડાયેલો છે. આ કનેક્ટિવિટીના કારણે ખેડૂતો અને પશુપાલકો માટે તેમની ઉપજ મોટા બજારો સુધી પહોંચાડવી વધુ સરળ અને ઓછી ખર્ચાળ બનશે. તેનાથી ઉદ્યોગોને વેગ મળશે, પર્યટન વધશે અને મોટા પ્રમાણમાં રોજગારીની નવી તકો ઊભી થશે.

## પીએમ મોદીએ હરિયાણાને આપી વિકાસની ભેટ

- જીંદ અને સોનીપત વચ્ચે દોડનારી દેશની પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવી.
- હરિયાણામાં રૂ.12,470 કરોડથી વધુના ખર્ચે રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો.
- આશરે રૂ.9,680 કરોડના ખર્ચે નિર્મિત 157.92 કિલોમીટર લાંબા, ચાર લેનના અને સંપૂર્ણ સુવિધાવાળો દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવે રાષ્ટ્રને સમર્પિત કર્યો.
- રાષ્ટ્રીય રાજમાર્ગ-7 અને રાષ્ટ્રીય રાજમાર્ગ-344 પર નિર્મિત 33.81 કિલોમીટર લાંબા ચાર લેનના અંબાલા-કાલાઅંબ રાજમાર્ગ (આંશિક પ્રવેશ-નિયંત્રિત)નું ઉદ્ઘાટન કર્યું.
- રાષ્ટ્રીય રાજમાર્ગ-352A પર નિર્મિત 40.60 કિલોમીટર લાંબા જીંદ-ગોહાના ગ્રીનફિલ્ડ રાજમાર્ગનું લોકાર્પણ કર્યું.
- હાંસી-બરવાલા બ્રાઉનફિલ્ડ રાજમાર્ગ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો. કુરુક્ષેત્રમાં એલિવેટેડ રેલવે ટ્રેકનું લોકાર્પણ કર્યું.
- ભિવાનીની પંડિત નેકી રામ શર્મા સરકારી મેડિકલ કોલેજ, નારનૌલના કોરિયાવાસ સ્થિત મહર્ષિ ચ્યવન મેડિકલ કોલેજ અને રાવ તુલારામ હોસ્પિટલ સહિત અનેક આરોગ્ય સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરી.
- કુરુક્ષેત્રમાં શીખ સંગ્રહાલયના નિર્માણનો શિલાન્યાસ કરીને રાજ્યના સાંસ્કૃતિક માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું.

હાઈડ્રોજન ટ્રેન નેટવર્કની જરૂરિયાતો પૂરી કરશે. આથી હરિયાણાના યુવાનો માટે રોજગારીની નવી અને વ્યાપક તકોનું સર્જન થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈ અને થાણે વચ્ચે શરૂ થયેલી દેશની પ્રથમ ઐતિહાસિક ટ્રેન સફરને યાદ કરતાં જણાવ્યું કે, ભવિષ્યમાં જ્યારે આધુનિક હરિત પરિવહનની ચર્ચા થશે, ત્યારે હાઈડ્રોજન ટ્રેનની સાથે જીંદનું નામ પણ ઈતિહાસમાં નોંધાશે. જીંદ અનેક હાઈવે સાથે જોડાઈ રહ્યું છે અને અહીંથી ત્રણ મહત્ત્વપૂર્ણ માર્ગ વિકાસ પરિયોજનાઓનો પણ પ્રારંભ થયો છે. દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેના હરિયાણા વિભાગનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, જીંદ-ગોહાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો છે. આ સાથે અંબાલા-કાલાઅંબ ફોરલેન માર્ગના નિર્માણથી હરિયાણા અને હિમાચલ પ્રદેશ - બંને રાજ્યોના લોકોને વધુ સારી પરિવહન સુવિધાનો લાભ મળશે. ■




પીએમ મોદી દ્વારા ચંદીગઢમાં વિકાસ પરિયોજનાઓની શરૂઆતનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## ટેકનોલોજી, આધુનિકીકરણ અને સ્વાસ્થ્ય સેવા

# વિકસિત ભારતનો મજબૂત પાયો

*ચંદીગઢ માત્ર એક શહેર નથી, પરંતુ ભારતના સુઆયોજિત વિકાસનું એક સફળ મોડલ છે. વિકાસને નવી ગતિ આપવાના પ્રયાસોના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 17 જુલાઈએ ચંદીગઢમાં સ્વાસ્થ્ય સેવા, શિક્ષણ અને માર્ગ માળખાકીય સુવિધાઓ સહિત રૂ.4,700 કરોડથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યો. આ સાથે પંજાબના જલંધરને પણ અનેક વિકાસકાર્યોની ભેટ મળી.*

ચંદીગઢ શિક્ષણ, ઈજનેરી, તબીબી વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રની અગ્રણી સંસ્થાઓ ધરાવતું શહેર છે. બહુ ઓછાં શહેરોને આવી વિશેષતા પ્રાપ્ત છે. આવનારા સમયમાં આ સંસ્થાઓ નવી ટેક્નોલોજી, આરોગ્યસંભાળ, સ્ટાર્ટઅપ્સ અને આધુનિકીકરણના મહત્વપૂર્ણ કેન્દ્રો બની શકે છે. ચંદીગઢમાં વિવિધ વિકાસ પરિયોજનાઓના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે વિકસિત ભારતની યાત્રામાં ભવિષ્યની તકનીકી, આધુનિક પરિવહન વ્યવસ્થા અને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સેવાઓને નવીન વિચારો સાથે જોડીને આગળ વધવું જરૂરી છે. આજે એવા નિર્ણયો લેવાની જરૂર છે, જેનો લાભ માત્ર વર્તમાન પેઢીને જ નહીં, પરંતુ આવનારી પેઢીઓને પણ સતત મળતો રહે. દેશનું લક્ષ્ય એવી સંસ્થાઓનું નિર્માણ કરવાનું હોવું જોઈએ, જે સમયની સાથે વધુ સશક્ત અને અસરકારક બનતી જાય.

> **આજે માત્ર રોગોની સારવાર જ નહીં, પરંતુ નિવારક આરોગ્યસંભાળ (Preventive Healthcare) પર પણ એટલું જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. પોષણ અભિયાન, મિશન ઈન્દ્રધનુષ, યોગ, HPV રસીકરણ અને U-WIN પ્લેટફોર્મ જેવા અનેક મહત્વપૂર્ણ પ્રયાસોના કારણે કરોડો લોકોનું જીવન વધુ સુરક્ષિત બન્યું છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## સફળતાનાં નવા શિખરો સર કરતું ભારત

- વર્ષ 2014 પછી દેશમાં 15 નવી AIIMSને મંજૂરી આપવામાં આવી છે.
- દેશમાં આશરે 1.75 લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત છે.
- દેશમાં 90%થી વધુ પ્રસૂતિઓ હોસ્પિટલોમાં થઈ રહી છે.



પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં

86%નો ઘટાડો નોંધાયો છે.

- દેશમાં 48 કરોડથી વધુ ટેલિમેડિસિન પરામર્શ આપવામાં આવ્યા છે.
- ક્ષયરોગ (ટીબી)ની સારવારનો વ્યાપ 90%થી વધુ થયો છે.
- WHOના અહેવાલ મુજબ છેલ્લા 10 વર્ષમાં દેશમાં ટીબી સંક્રમણમાં 21%નો ઘટાડો થયો છે.

## ચંદીગઢને મળી વિકાસની ભેટ

- સ્વાસ્થ્ય સેવા, શિક્ષણ અને માર્ગ માળખાકીય સુવિધાઓ સંબંધિત રૂ.4,700 કરોડથી વધુની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ.
- PGIMERમાં એડવાન્સ્ડ મધર એન્ડ ચાઈલ્ડ સેન્ટર તથા એડવાન્સ્ડ ન્યુરોસાયન્સ સેન્ટરનું લોકાર્પણ.
- PM-ABHIM હેઠળ PGIMERમાં 150 પથારી ધરાવતા અત્યાધુનિક ક્રિટિકલ કેર બ્લોકનો શિલાન્યાસ.
- ચંદીગઢની શૈક્ષણિક સંસ્થાઓ માટે વિવિધ માળખાકીય વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ.
- અંબાલા-ચંદીગઢ ગ્રીનફિલ્ડ રાજમાર્ગ (NH-205A)ના PR-7 સ્પરનો શિલાન્યાસ.

## જલંધરને મળી વિકાસની ભેટ

**5,470**

**કરોડ રૂપિયાથી વધુના**

રેલવે અને માર્ગ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ.

- અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ જલંધર કેન્ટ સહિત 75 પુનર્વિકસિત રેલવે સ્ટેશનોનું લોકાર્પણ.
- કરતોલી-અંબાલા રેલ સેવા અને અમૃતસર (છેહર્ટા)-વારાણસી રેલ સેવાને લીલી ઝંડી.



**નાંગલ બંધ-તલવારા-મુકેરિયન નવી રેલ લાઈન પરિયોજના હેઠળ આશરે**

**રૂ.830**

**કરોડના ખર્ચે નિર્મિત દૌલતપુર ચોક-કરતોલી નવી રેલ લાઈનનું લોકાર્પણ.**

- પંજાબમાં માર્ગ માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે રૂ.3,070 કરોડથી વધુના રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ.
- ચાર લેનના દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેના 30.9 કિમી લાંબા પેકેજ-6નું લોકાર્પણ.
- 25.2 કિમી લાંબા છ લેનના ગ્રીનફિલ્ડ દક્ષિણી લુધિયાણા બાયપાસના વિકાસનો શિલાન્યાસ.

છેલ્લાં કેટલાક વર્ષોમાં ચંદીગઢને આધુનિક તકનીકી સાથે જોડવા માટે સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ, સ્માર્ટ પાર્કિંગ અને ડિજિટલ ગવર્નન્સ જેવા અનેક પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યા છે. આ માટે રૂ.2,500 કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે હવે સ્વાસ્થ્ય, શિક્ષણ અને માળખાકીય સુવિધાઓના વિકાસને વધુ ગતિ આપવા માટે અનેક નવી પરિયોજનાઓનો પણ પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ■

# વિકસિત ગામો

## વિકસિત ભારતનો મજબૂત પાયો

**વિકસિત ગામ એ વિકસિત ભારતની આધારશીલા છે. વિકસિત ભારતના નિર્માણની યાત્રામાં યુવા શક્તિની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. આ જ દિશામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 26 જુલાઈએ વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026ના સહભાગીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જ્યારે દેશનો યુવાન પોતાની માટી સાથે જોડાય છે, ત્યારે વિકસિત ભારતનું સ્વપ્ન વધુ મજબૂત અને વ્યાપક બને છે.**

થોડાં વર્ષો પહેલાં 'મેરા યુવા ભારત (માય ભારત)' મંચની સ્થાપના કરવામાં આવી હતી. આજે આ મંચ સાથે દેશભરના કરોડો યુવાનો જોડાયેલા છે અને વિવિધ ક્ષેત્રોમાં સ્વયંસેવક તરીકે નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. વિકસિત ભારત ડાયલોગથી લઈને વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ સુધી યુવાનો પોતાની પ્રતિભા, જવાબદારી અને નેતૃત્વ ક્ષમતાનો પરિચય આપી રહ્યા છે. વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026ના સહભાગીઓ સાથેના સંવાદ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતનો યુવાન જેટલો વધુ સીમાવર્તી ગામડાઓને ઓળખશે, તેટલી જ સરળતાથી તે ભારતને સરળતાથી સમજી શકશે. આ પ્રકારના પ્રયાસો દેશના દરેક ખૂણાને એકબીજા સાથે વધુ મજબૂતીથી જોડે છે અને રાષ્ટ્રીય એકતાને નવી ઊર્જા આપે છે.

આજે સીમાવર્તી વિસ્તારોમાં પર્યટનને પણ નવી ગતિ મળી રહી છે. જે ગામો

> **“આજના યુવાનો વિકસિત ભારતની ઉર્જા અને તેના સૌથી મોટા લાભાર્થી પણ છે. તેથી, જ્યારે યુવા શક્તિ દેશના પડકારો અને ઉકેલો સાથે સીધી રીતે જોડાશે, ત્યારે ભવિષ્ય ચોક્કસપણે ઉજ્જવળ બનશે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનંત્રી**





## સ્પર્ધકો સાથે પીએમ મોદીએ કર્યો વર્ચ્યુઅલ સંવાદ

5,000+ દેશના

**245**

જિલ્લાઓમાંથી 'માય ભારત' સ્વયંસેવકો આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા.

**2.30+**

કરોડ યુવાનો 'માય ભારત'ની પહેલનો લાભ મેળવી ચૂક્યા છે, જ્યારે 2.86 લાખથી વધુ યુવાનોએ દેશવ્યાપી ઓનલાઈન ક્વિઝમાં ભાગ લીધો.

**403** યુવા સ્વયંસેવકોની સીમાવર્તી ગામોની મુલાકાત માટે પસંદગી કરવામાં આવી.

## રાષ્ટ્રનાં પ્રથમ ગામો ભારતનાં સીમાવર્તી ગામો

'માય ભારત' હેઠળ અમલમાં મૂકાયેલા વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામનો હેતુ પ્રધાનમંત્રીના એ દ્દષ્ટિકોણને સાકાર કરવાનો છે, જેમાં ભારતનાં સીમાવર્તી ગામોને 'રાષ્ટ્રનાં પ્રથમ ગામો' તરીકે જોવામાં આવે છે. આ પહેલ દ્વારા સીમાવર્તી ગામોને વિકસિત ભારતની યાત્રાના સક્રિય સહભાગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## બે તબક્કામાં યોજાયો કાર્યક્રમ

વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026નું આયોજન 4 જૂનથી 30 જૂન, 2026 દરમિયાન બે તબક્કામાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનાં 74 વાઈબ્રન્ટ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો. દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 400થી વધુ યુવા પ્રતિભાગીઓની પસંદગી રાષ્ટ્રીય સ્તરની ઓનલાઈન પ્રશ્નોત્તરી સ્પર્ધા દ્વારા કરવામાં આવી. આ પ્રશ્નોત્તરીમાં 3 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો.

## કાર્યક્રમ અંતર્ગત અનેક પ્રવૃત્તિઓનું આયોજન

વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2026 હેઠળ પ્રતિભાગીઓએ સ્થાનિક સમુદાયો સાથે રહીને સ્વચ્છતા અભિયાન, સરકારી યોજનાઓ અંગે જાગૃતિ અભિયાન, યુવા સંમેલન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમો, વૃક્ષારોપણ, લઘુ પંચાયત મોડલ સિમ્યુલેશન, સ્થાનિક કારીગરો સાથે સંવાદ તેમજ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સંસ્થાઓની મુલાકાત જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. આ કાર્યક્રમ દ્વારા યુવાનોને ભારતના સરહદી વિસ્તારોના સામાજિક-આર્થિક જીવન, સાંસ્કૃતિક વારસા અને વિકાસલક્ષી આશાઓનો પ્રત્યક્ષ અનુભવ થયો. સાથે જ, સામુદાયિક ભાગીદારી, રાષ્ટ્રીય એકતા અને સરહદી ગામોના વ્યૂહાત્મક મહત્વ અંગે તેમની સમજ વધુ ગાઢ બની.

એક સમય નિર્જન બની રહ્યા હતા, ત્યાં ફરીથી વિકાસ અને જનજીવનની ચહલપહલ જોવા મળી રહી છે. સીમાવર્તી ગામોની દીકરીઓ આજે શાળા અને કોલેજોમાં અભ્યાસ કરી રહી છે. સાથે, વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ આ સમગ્ર વિકાસપ્રક્રિયાને વધુ વેગ આપી રહ્યો છે. કાર્યક્રમમાં પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 21મી સદીના વિશ્વને નવી દિશા આપવાની સૌથી મોટી શક્તિ ભારતના યુવાનોમાં છે. દેશના નવયુવાનોનું સામર્થ્ય જ ઉજ્જવળ ભવિષ્યનો સૌથી મજબૂત આધાર છે. ■

પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ 23 ઓગસ્ટ

# ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ લોન્ચ વ્હીકલ 'વિક્રમ-1' નું સફળ લોન્ચ

**કરોડો ભારતીયોના અસાધારણ કૌશલ્ય અને અજોડ પ્રતિભાના જોરે આજે ભારતે વૈશ્વિક અંતરિક્ષ ક્ષેત્રે પોતાની એક આગવી અને મજબૂત ઓળખ ઊભી કરી છે. સ્પેસ સેક્ટરમાં ભારતની આ આકાશી છલાંગ પાછળ કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા મોટા નીતિગત ફેરફારો મહત્વપૂર્ણ કારણ રહ્યા છે. સરકારના આ જ સકારાત્મક અભિગમને કારણે આજે દેશના યુવાનો, ખાનગી કંપનીઓ અને નવતર સાહસો માટે નવા અવસર ઊભા થયા છે. તેનું એક શાનદાર ઉદાહરણ ભારતના પ્રથમ ખાનગી રોકેટ 'વિક્રમ-1' નું સફળ પ્રક્ષેપણ છે. આ સફળતા એ વાતનું પણ જીવંત પ્રમાણ છે કે વૈશ્વિક અંતરિક્ષ અર્થવ્યવસ્થાના ઝડપથી વિકસતા ક્ષેત્રમાં ભારત હવે એક મહત્વપૂર્ણ અને અગ્રણી ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે...**

વિક્રમ-1 નું સફળ પ્રક્ષેપણ માત્ર કોઈ મિશનની સફળતા કરતાં ઘણું વિશેષ છે. આ એક નવા યુગની શરૂઆત છે, જેમાં ભારતીય નવતર સંશોધન, સાહસિક નીતિગત સુધારા અને મજબૂત સરકારી-ખાનગી સહયોગનું સમર્થન સમાયેલું છે. અંતરિક્ષ વિભાગના રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે આ મિશન ઈંટરનેશનલ સ્પેસ સેક્ટરમાં એક ભરોસાપાત્ર, વિશ્વસનીય અને તકનીકી રીતે અદ્યતન ભાગીદાર તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

**વિક્રમ-1 લોન્ચનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.**



**રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ ભારતના યુવાનો માટે ભારે ઉત્સાહ અને પ્રેરણાનો અવસર બની ગયો છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે.**

## ભવિષ્યની વ્યાપારિક ભ્રમણકક્ષા પ્રક્ષેપણ સેવાઓનો મજબૂત આધાર

વિક્રમ-1 દેશનું પ્રથમ ખાનગી રીતે વિકસિત ભ્રમણકક્ષા પ્રક્ષેપણ વાહન છે. આ વાહન 350 કિલોગ્રામ સુધીના ભારને 'પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા' (લો અર્થ ઓર્બિટ)માં પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. આશરે 22 મીટર ઊંચા આ પ્રક્ષેપણ વાહનમાં અનેક દેશી તકનીકી સિદ્ધિઓનો સમાવેશ થાય છે. તેમાં ભારતનું પ્રથમ સંપૂર્ણ કાર્બન-કમ્પોઝિટ ભ્રમણકક્ષા રોકેટ, તેના ભ્રમણકક્ષા સંચાલન મોડ્યુલને ઉર્જા આપતું 100% 3D-પ્રિન્ટેડ પ્રવાહી એન્જિન, અદ્યતન અલ્ટ્રા-લો-શોક ન્યુમેટિક સેપરેશન સિસ્ટમ અને દેશના સૌથી લાંબા મોનોલિથિક કાર્બન-કમ્પોઝિટ રોકેટ તબક્કાઓમાંથી એક છે. આ પ્રક્ષેપણ દ્વારા મહત્વપૂર્ણ પ્રણોદન, એવિઓનિક્સ, ટેલિમેટ્રી, નેવિગેશન અને ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમ સફળ રીતે પ્રમાણિત થયા છે, જેના કારણે ભારતમાં ભવિષ્યની વ્યાપારિક ભ્રમણકક્ષા પ્રક્ષેપણ સેવાઓ માટે એક મજબૂત પાયો તૈયાર થયો છે.





## અંતરિક્ષ ક્ષેત્રમાં આવ્યું નવું પરિવર્તન

વર્ષ 2020માં કરવામાં આવેલા મહત્વપૂર્ણ સુધારાઓ બાદથી ભારતની અંતરિક્ષ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. થોડા વર્ષો પહેલાં સુધી જ્યાં કોઈ ખાનગી પ્રક્ષેપણ પ્રણાલી અસ્તિત્વમાં નહોતી, ત્યાં આજે ભારતમાં 400થી વધુ સ્ટાર્ટઅપ કાર્યરત છે. વિક્રમ-1 નું નિર્માણ કરનારું સ્ટાર્ટઅપ 'સ્કાયરૂટ' દેશનું પ્રથમ અંતરિક્ષ યુનિકોર્ન પણ બન્યું છે.



**$9** **અરબની નજીક પહોંચી રહી છે ભારતની અંતરિક્ષ અર્થવ્યવસ્થા.**

**$44** **અરબની આસપાસ પહોંચાડવાનું તેનું રાષ્ટ્રીય લક્ષ્ય આગામી દાયકા માટે નિર્ધારિત કરાયું છે.**

વિક્રમ-1 ની સફળતા દર્શાવે છે કે નીતિગત સુધારાઓ નવીનતાઓને કેવી રીતે વેગ આપી શકે છે. ■

***"વિક્રમ-1 ના સફળ પ્રક્ષેપણ બદલ અભિનંદન. આ ભારતની અંતરિક્ષ યાત્રાની એક નિર્ણાયક ક્ષણ છે. આપણા ખાનગી ક્ષેત્રની વધતી ભાગીદારી નવા આયામો ખોલી રહી છે અને નવતર સંશોધનોને ગતિ આપી રહી છે. આ સિદ્ધિ અગણિત યુવાનોને મોટાં સપનાં જોવા અને નિડરતાથી નવતર પ્રયોગો કરવા માટે પ્રોત્સાહિત કરશે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***





### રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં ભાગીદાર...

# રમતગમતની શક્તિ

*ઓગસ્ટ, ભારતમાં રમતગમત ઉત્સવનો મહિનો બની ગયો છે. દેશ 29 ઓગસ્ટે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવશે અને ફિટ ઈન્ડિયા અભિયાનની 7 મી વર્ષગાંઠ પણ તે જ દિવસે છે. ફિટ ઈન્ડિયા અભિયાનથી દેશમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ અને સક્રિયતા વધી છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય રમતગમત નીતિ 2025ના વિઝન- "રાષ્ટ્ર નિર્માણ માટે રમતગમતઃ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં રમતોની શક્તિનો ઉપયોગ"ના 5 સ્તંભોથી મજબૂત કરી રહી છે રમતગમતની ઈકોસિસ્ટમ...*

ભારત દર વર્ષે 29 ઓગસ્ટે હોકીના પ્રખ્યાત ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ પર રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવે છે. દેશ જ્યાં ભારતને 2036 સુધીમાં ટોચના 10 રમતગમત દેશોમાં અને 2047 સુધીમાં ટોચના 5 દેશોમાં સ્થાન અપાવવાના ઉદ્દેશ્ય સાથે ખેલાડીઓ તૈયાર કરી રહ્યો છે, સાથે જ નાગરિકોની ફિટનેસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિશેષ પ્રાથમિકતા છે. વર્ષ 2019 માં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. હવે આ અભિયાન દેશભરમાં એક વ્યાપક ફિટનેસ ક્રાંતિ બની ગયું છે. ફિટ ઈન્ડિયા અંતર્ગત વિતેલા વર્ષ 2025 માં 35 કરોડથી વધુ લોકોએ રમતગમત અને ફિટનેસના દેશવ્યાપી ઉત્સવની ઉજવણી કરી હતી.

કેન્દ્રની વર્તમાન સરકારે 10 જુલાઈ 2025 ના રોજ 'ખેલો ભારત નીતિ-2025' નો પ્રારંભ કર્યો હતો. આ નવી નીતિએ રાષ્ટ્રીય ખેલ નીતિ, 2001 નું સ્થાન લીધું છે. દેશને વૈશ્વિક રમતગમત મહાશક્તિ તરીકે સ્થાપિત કરવા અને વર્ષ 2036 ના ઓલિમ્પિક રમતગમત મહોત્સવ સહિતના આંતરરાષ્ટ્રીય રમત આયોજનોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના ઉદ્દેશ્ય સાથે આ નીતિમાં એક દૂરદર્શી 5 સ્તંભો પર કામ શરૂ કરવામાં આવ્યું છે. આ નીતિ સ્વસ્થ, વધુ સક્રિય અને સશક્ત નાગરિકોનું નિર્માણ કરશે.



ખેલો ઇંડિયા

**સ્તંભ-1**

## વૈશ્વિક મંચ પર ઉત્કૃષ્ટતા

*આ સ્તંભ અંતર્ગત ખેલો ઈન્ડિયા- રાષ્ટ્રીય રમતગમત વિકાસ કાર્યક્રમ, રાષ્ટ્રીય રમતગમત સંઘોને સહાયતા, રાષ્ટ્રીય રમતગમત વિકાસ ભંડોળ સાથે રાષ્ટ્રીય રમતગમત વિજ્ઞાન અને સંશોધન કેન્દ્ર પર કામ કરવામાં આવી રહ્યું છે.*

**28,234**

ખેલાડીઓને દેશભરમાં અધિસૂચિત 1,066 ખેલો ઈન્ડિયા કેન્દ્રો પાયાના સ્તરે તાલીમ આપી રહ્યા છે.

**12,000**

થી વધુ એથ્લેટ્સને 23 રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રો અને 50 થી વધુ ઉચ્ચ પ્રદર્શન તાલીમ કેન્દ્રો સહાય પૂરી પાડી રહ્યા છે.

**35**

ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્રો 34 રાજ્યોમાં 2,466 એથ્લેટ્સને ઉચ્ચ પ્રદર્શન સહાય પ્રદાન કરી રહ્યા છે.

**₹6.28**

લાખનું વાર્ષિક ભંડોળ તાલીમ માટેની વ્યાપક સહાય અંતર્ગત પ્રત્યેક ખેલો ઈન્ડિયા એથ્લેટને આપવામાં આવી રહ્યું છે.

ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં રાષ્ટ્રીય રમતગમત વિજ્ઞાન અને સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.



**સ્તંભ-2**

## આર્થિક વિકાસ માટે રમતગમત

*રાષ્ટ્રીય રમતગમત નીતિ, 2025માં રમતોની આર્થિક ક્ષમતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં પ્રમુખ આંતરરાષ્ટ્રીય રમતગમત આયોજનો કરાવવાના પ્રયાસોની સાથે જ રમતગમત મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર કામ કરવામાં આવી રહ્યું છે.*

**322**

ખેલો ઈન્ડિયા માન્યતા પ્રાપ્ત એકેડેમીઓને (ખાનગી સુવિધાઓ સહિત) સર્વોચ્ચ સ્તરની પ્રતિભાઓને નિખારવા માટે પ્રમાણિત કરવામાં આવી છે.

**2030**

માં યુવા ઓલિમ્પિક રમતો અને વર્ષ 2036 માં ઓલિમ્પિકની યજમાની માટે દાવેદારી ભારતે નોંધાવી છે. ભારતે અત્યાર સુધી ક્યારેય ઓલિમ્પિકની યજમાની કરી નથી.

વર્ષ 2025 માં ભારતે પ્રથમ ખો-ખો વિશ્વ કપનું આયોજન નવી દિલ્હીમાં કર્યું હતું, જેમાં ભારતે મહિલા અને પુરુષ બંને વર્ગમાં વિજેતાપદ મેળવ્યું હતું.

12મી વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025 ની યજમાની પણ ભારતે કરી હતી, જેમાં ભારતે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને 6 સુવર્ણ ચંદ્રક સહિત કુલ 22 પદકો જીત્યા હતા.

- ભારતે ભવિષ્યમાં ઓલિમ્પિક તેમજ પેરા-ઓલિમ્પિક રમતોની યજમાનીની ઈચ્છાને ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયા સાથે એક માર્ગદર્શિકા (રોડમેપ) પર કામ શરૂ કર્યું છે.
- વર્ષ 2026-27 ના બજેટમાં રમતગમત સામગ્રીના ઉત્પાદનની પહેલ માટે રૂ.500 કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ પહેલ રમતગમતને રોજગાર, કૌશલ્ય વિકાસ અને આર્થિક વિકાસના મુખ્ય પરિબળ તરીકે પ્રસ્થાપિત કરશે.



**સ્તંભ - 3**

## સામાજિક વિકાસ માટે રમતગમત

***મહિલાઓ, આદિવાસી સમુદાયો અને દિવ્યાંગજનો વચ્ચે ભાગીદારી વધારવા, દેશી તેમજ પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવા અને રમતગમતને કારકિર્દીના એક ઉત્તમ વિકલ્પ તરીકે સ્થાપિત કરવાનું કામ કેન્દ્ર સરકાર કરી રહી છે.***



**2,600**

થી વધુ અસ્મિતા લીગ (મહિલા લીગ)નું ખેલો ઈન્ડિયા અંતર્ગત આયોજન, જેમાં 34 રમતોમાં 3 લાખથી વધુ મહિલા ખેલાડીઓની રહી ભાગીદારી.

વિતેલા 5 વર્ષોમાં ત્રણ દેશી રમતો- યોગાસન, ખો-ખો અને કબડ્ડીને રાષ્ટ્રીય સ્તરની રમત સ્પર્ધાઓમાં સામેલ કરવામાં આવી છે. આ ઉપરાંત, મલ્લખંભ, થાંગ-ટા, કલરીપયટ્ટુ, ગતકા અને યોગાસનને ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની અનેક આવૃત્તિઓમાં સામેલ કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય બજેટ

**2026-27**

માં જાહેર કરાયેલા ખેલો ઈન્ડિયા મિશનથી દેશના રમતગમતના આખા માળખામાં મોટો બદલાવ આવશે.

**સ્તંભ - 4**

## જન આંદોલન રૂપે રમતગમત

દેશવ્યાપી અભિયાનો અને સમુદાય આધારિત કાર્યક્રમોના માધ્યમથી રમતગમતમાં જન ભાગીદારી અને ફિટનેસને પ્રોત્સાહન આપવાનું કામ વિતેલા વર્ષોમાં વેગવંતુ બનાવવામાં આવ્યું છે. રમતગમતની સુવિધાઓ સુધી સૌની પહોંચ બને તેવા પ્રયાસોને વેગ આપવામાં આવી રહ્યો છે.

- લોકસભા સ્તરે સાંસદ ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- 4.40 લાખથી વધુ શાળાઓ ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત નોંધાયેલી છે.
- વર્ષ દરમિયાન ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત 'સંડે ઓન સાયકલ', 'ફિટ ઈન્ડિયા સ્વચ્છતા ફ્રીડમ રન' અને 'ફિટ ઈન્ડિયા કાર્નિવલ' જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.
- ફિટનેસના માપદંડોને ટ્રેક કરતી ફિટ ઈન્ડિયા મોબાઈલ એપના 13 લાખથી વધુ ડાઉનલોડ થઈ ચૂક્યા છે.




**સ્તંભ - 5**

## શિક્ષણ સાથે સમન્વય (એન.ઈ.પી. 2020)

રાષ્ટ્રીય રમતગમત નીતિમાં બાળપણથી જ શારીરિક શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આજીવન ફિટનેસ અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે, રમતગમતને શિક્ષણ સાથે સંકલિત વિષય માનીને આ નીતિને, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એન.ઈ.પી.) 2020 ને અનુરૂપ બનાવવામાં આવી છે.

- એન.ઈ.પી. 2020 માં રમતગમત અને શારીરિક શિક્ષણને, શિક્ષણ વ્યવસ્થાનો એક અભિન્ન હિસ્સો બનાવવામાં આવ્યા છે. હવે વિદ્યાર્થીઓને રમતગમત અને અભ્યાસ બંને ક્ષેત્રોમાં આગળ વધવાની સમાન તકો મળશે.
- શૈક્ષણિક સ્તરે ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ માટે વિશેષ અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે.
- પ્રથમ વખત આઈ.આઈ.ટી. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પણ રમતગમત ક્વોટા (સ્પોર્ટ્સ કોટા)ની વ્યવસ્થા કરવામાં આવી છે.



# રાષ્ટ્રીય રમતગમત નીતિના અમલીકરણ માટેનું પણ નક્કી માળખું

**કેન્દ્ર સરકારે વૈશ્વિક સ્તરે સન્માનિત અને ખેલાડી-કેન્દ્રિત વહીવટી માળખું સ્થાપિત કરવાની દિશામાં કામગીરી શરૂ કરી દીધું છે. રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, 2025 ની જાહેરાત કર્યા બાદ કેટલાક અન્ય વહીવટી સુધારા અને પારદર્શિતા લાવતા કાયદાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે.**



આ સાથે જ 'એક રમત-એક કોર્પોરેટ' નીતિની પણ જાહેરાત કરવામાં આવી છે, તેનો ઉદ્દેશ્ય રમતગમતના વિકાસ માટે રમતગમત મહાસંઘોને સહયોગ પૂરો પાડવાનો અને આ ક્ષેત્રમાં નાણાકીય રોકાણને પ્રોત્સાહન આપવાનો છે.

રમતગમતને લગતા નવા કાયદા અને નિયમોનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય રમતગમત સંઘોમાં જવાબદારી, પારદર્શિતા અને સુશાસન લાવવાનો છે. આ માટે ઓલિમ્પિક તેમજ રમતગમત આંદોલનમાં સુશાસન, નૈતિકતા અને નિષ્પક્ષ રમતની કાર્યપદ્ધતિઓનો આધાર લેવાશે. આ સમગ્ર વ્યવસ્થા એક વ્યાપક કાનૂની માળખાના માધ્યમથી સુનિશ્ચિત કરવામાં આવશે.

રાષ્ટ્રીય રમતગમત નીતિ 2025 એ રાજ્યો માટે એક આદર્શ રમતગમત નીતિ તરીકે કામ કરશે. તે રાજ્યોને રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને પોતાની રમતગમત નીતિ ઘડવા માટે પ્રેરિત કરશે.



**ભારતીય શટલર પી.વી. સિંધુએ જાપાન ઓપન 2026 જીતીને ઈતિહાસ રચ્યો. સિંધુ આ ખિતાબ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી છે.**

## ભારતીય ખેલાડીઓ લહેરાવી રહ્યા છે તિરંગો

- આઈ.સી.સી. અંડર-19 પુરુષ ક્રિકેટ વિશ્વ કપ 2026માં ભારતે છઠ્ઠી વખત વિજેતાપદ મેળવી બનાવ્યો રેકોર્ડ.
- ભારતે વર્ષ 2025 માં જ ખો-ખો વિશ્વ કપમાં પુરુષ અને મહિલા બંને વર્ગોમાં સુવર્ણ ચંદ્રક જીત્યા.
- સેપક ટકરા વિશ્વ કપ 2025 માં ભારતીય ટુકડીએ 7 પદકો જીત્યા.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત આઈ.સી.સી. મહિલા ક્રિકેટ વિશ્વ કપ 2025 જીત્યો.
- આઈ.સી.સી. અંડર-19 મહિલા ક્રિકેટ ટી20 વિશ્વ કપ 2025 માં જીત મેળવી.
- ભારતીય દ્રષ્ટિહીન મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ દ્રષ્ટિહીન મહિલા ટી-20 વિશ્વ કપ 2025 જીત્યો અને સમગ્ર શ્રેણીમાં અજેય રહી.



> *ભારતીય બેડમિન્ટન માટે એક ઐતિહાસિક સિદ્ધિ! જાપાન ઓપન 2026માં વિજય મેળવવા બદલ પી.વી. સિંધુને ખૂબ-ખૂબ અભિનંદન. સમગ્ર સ્પર્ધા દરમિયાન તેમનો દ્રઢ સંકલ્પ અને અસાધારણ કૌશલ્ય જોવા મળ્યું. આ સિદ્ધિ એટલા માટે વધુ વિશેષ છે, કારણ કે તેઓ આ ખિતાબ જીતનારા પ્રથમ ભારતીય ખેલાડી છે. આ સફળતા દેશભરના અસંખ્ય યુવા ખેલાડીઓને રમતગમતમાં જોડાવા અને શાનદાર પ્રદર્શન કરવા માટે પ્રેરિત કરશે.*
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

રાષ્ટ્રમંડળ રમતગમતમાં ભારતીય ખેલાડીઓએ વધાર્યું દેશનું ગૌરવ

# ભારતે જીત્યા 13 સુવર્ણ સહિત કુલ 39 પદકો

**પદક તાલિકા**

સુવર્ણ 13

રજત 17

કાંસ્ય 9

કુલ 39

*સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલી રાષ્ટ્રમંડળ રમતગમત 2026માં ભારતે શાનદાર પ્રદર્શન કરીને 13 સુવર્ણ અને 17 રજત ચંદ્રકો સાથે કુલ 39 પદકો જીત્યા છે. પોતાના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના જોરે ભારત મેડલ ટેબલમાં ચોથા સ્થાન પર રહ્યું. ભારતીય ખેલાડીઓના શાનદાર પ્રદર્શન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ગૌરવ વ્યક્ત કર્યું છે. હવે વર્ષ 2030માં રાષ્ટ્રમંડળ રમતગમતની શતાબ્દી યજમાની માટે ભારત પૂરી તૈયારી અને સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે.*

| ક્રમ | દેશ | સુવર્ણ | રજત | કાંસ્ય | કુલ ચંદ્રક |
|---|---|---|---|---|---|
| 1. | ઓસ્ટ્રેલિયા | 70 | 45 | 56 | 171 |
| 2. | ઇંગ્લૈંડ | 29 | 45 | 36 | 110 |
| 3. | કેનેડા | 19 | 20 | 23 | 62 |
| 4. | ભારત | 13 | 17 | 9 | 39 |
| 5. | સ્કોટલેન્ડ | 13 | 09 | 17 | 39 |





**વર્ષ 2030માં ભારતના અમદાવાદ ખાતે થશે આગામી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન.**

## કૉમનવેલ્થ ગેમ્સ 2026 ની શાનદાર વિદાય

સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલી કૉમનવેલ્થ ગેમ્સ 2026 નો ભવ્ય સમાપન સમારોહ ભારતની સાંસ્કૃતિક વિરાસત અને અમદાવાદ 2030 ની યજમાનીના સંકલ્પને સમર્પિત રહ્યો. આ રંગારંગ સમારોહમાં ભારતની શાનદાર સાંસ્કૃતિક પ્રસ્તુતિએ દર્શકોના દિલ જીતી લીધા અને કૉમનવેલ્થ ગેમ્સના આગામી અધ્યાય તરીકે અમદાવાદની યજમાનીની સત્તાવાર શરૂઆત થઈ.

સમાપન સમારોહ દરમિયાન જ્યારે 'વંદે માતરમ્', 'શિવ સ્તોત્ર' અને 'સુનો ગૌર સે દુનિયાવાલો'નો પડઘો આખા સ્ટેડિયમમાં ગુંજી ઉઠ્યો ત્યારે ભારતીય ચાહકો તિરંગો લહેરાવતા ઝૂમી ઉઠ્યા. મોટી સંખ્યામાં વિદેશી દર્શકોએ પણ ભારતીય સંગીત અને સાંસ્કૃતિક પ્રસ્તુતિનો આનંદ માણ્યો. આ દરમિયાન ગ્લાસગોથી અમદાવાદ સુધી રાષ્ટ્રમંડળ રમતગમતની યજમાનીના હસ્તાંતરણનું ભાવનાત્મક અને પ્રતીકાત્મક દ્રશ્ય જોવા મળ્યું.

સમાપન સમારોહ દરમિયાન રાષ્ટ્રમંડળ રમતગમતનો ધ્વજ સત્તાવાર રીતે ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીને સોંપવામાં આવ્યો. આ સાથે જ અમદાવાદે 2030 રાષ્ટ્રમંડળ રમતગમતની યજમાનીની જવાબદારી સત્તાવાર રીતે સંભાળી લીધી છે. અમદાવાદ 2030 રાષ્ટ્રમંડળ રમતગમતના ઈતિહાસમાં વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે આ રમત મહોત્સવના 100 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારો એક ઐતિહાસિક શતાબ્દી મહોત્સવ હશે. ભારત, ઓસ્ટ્રેલિયા પછી રાષ્ટ્રમંડળ રમતગમતની બે વાર યજમાની કરનાર વિશ્વનો બીજો દેશ બનશે.

## મુક્કેબાજીમાં ભારતનું સૌથી શાનદાર પ્રદર્શન

ભારતીય મુક્કેબાજોએ 7 ગોલ્ડ અને 3 સિલ્વર મેડલ સાથે કુલ 10 પદકો જીત્યા. આ કૉમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં ભારતનું મુક્કેબાજી અભિયાન સૌથી સફળ બની ગયું છે. ભારતે જ્યાં વેટલિફ્ટિંગ, જુડો અને મુક્કેબાજીમાં શાનદાર પ્રદર્શન કર્યું, ત્યાં પેરા રમતોમાં પણ તેનું પ્રદર્શન અદભુત રહ્યું.

## પદક જીતી વધાર્યું દેશનું ગૌરવ

ગ્લાસગો 2026 ની કૉમનવેલ્થ ગેમ્સ સીમિત રમતો સાથે યોજાઈ હતી. તેમાં ભારતની કેટલીક પરંપરાગત રમતો સામેલ ન હતી. તેમ છતાં, ટીમ ઈન્ડિયાએ બર્મિંગહામ 2022 માં સમાન રમતોમાં જીતેલા 30 પદકોની સરખામણીએ આ વખતે 39 પદકો જીતીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વ, રમતો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને ખેલાડીઓને સતત મળી રહેલા પ્રોત્સાહનના પરિણામે ભારતીય રમતગમત ક્ષેત્રનો વધતો વ્યાપ અને વૈશ્વિક મંચ પર દેશની મજબૂત હાજરી આજે સ્પષ્ટપણે નજરે પડી રહી છે.

*ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં આપણા ભારતીય દળના શાનદાર પ્રદર્શન પર મને ખૂબ ગૌરવ છે. ભારતે 13 સુવર્ણ ચંદ્રકો સહિત કુલ 39 પદકો જીત્યા છે, જે વાતનો અત્યંત આનંદ છે. આ આખી રમત સ્પર્ધા દરમિયાન આપણા તેજસ્વી ખેલાડીઓએ અસાધારણ કૌશલ્ય, દ્રઢ સંકલ્પ અને સમર્પણનો પરિચય આપ્યો છે. તેમની આ સખત મહેનત આપણા દેશના યુવાનોને સતત પ્રેરણા આપતી રહેશે. મારી તરફથી સમગ્ર ભારતીય રમતગમત દળને તેમના આગામી પ્રયાસો માટે હાર્દિક શુભેચ્છાઓ.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*






**વર્ષ 2024 માટે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત**

# ‘આર્ટિકલ 370’ને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર

*વર્ષ 2024 માટે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત 18 જુલાઈના રોજ કરવામાં આવી હતી. ‘આર્ટિકલ 370’એ સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ જીત્યો, જ્યારે ‘ભંગાર’ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ અને ‘રામ-નામી’ને સર્વશ્રેષ્ઠ દસ્તાવેજી ફિલ્મનો પુરસ્કાર મળ્યો.*

72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં કાર્તિક આર્યન અને મમૂટીને અનુક્રમે ‘ચંદુ ચેમ્પિયન’ અને ‘બ્રહ્મયુગમ’ માટે શ્રેષ્ઠ અભિનેતા (મુખ્ય ભૂમિકા) તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. યામી ગૌતમને ‘આર્ટિકલ 370’ માટે શ્રેષ્ઠ અભિનેત્રી (મુખ્ય ભૂમિકા)નો પુરસ્કાર મળ્યો હતો. રણદીપ હુડાને ‘સ્વાતંત્ર્ય વીર સાવરકર’ માટે શ્રેષ્ઠ નવોદિત દિગ્દર્શકનો પુરસ્કાર મળ્યો હતો. ‘કલ્કિ 2898 એડી’, ‘અમરન’, ‘પુષ્પાઃ ધ રૂલ પાર્ટ 2’, ‘ભૂલ ભુલૈયા 3’ અને ‘સ્ત્રી 2’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મોએ પણ મુખ્ય પુરસ્કારો જીત્યા હતા. આ ફિલ્મોએ ભારતીય સિનેમાની વિવિધતા અને ઉત્તમ ગુણવત્તાને પ્રતિબિંબિત કરી છે.

ફીચર ફિલ્મ જ્યુરીના અધ્યક્ષ જયરાજ, નોન-ફીચર ફિલ્મ જ્યુરીના અધ્યક્ષ અસીમ સિંહા અને સિનેમા પર શ્રેષ્ઠ લેખન માટેની જ્યુરીના અધ્યક્ષ એ. ચંદ્રશેખરે પુરસ્કારોની જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ભારતના સિનેમાક્ષેત્રના સર્વોચ્ચ અને સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાં સ્થાન ધરાવે છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત વાર્ષિક સમારોહમાં ભારતીય સિનેમાની વિવિધતા, કલાત્મકતા અને સામાજિક સુસંગતતાની ઉજવણી કરવામાં આવે છે.

**12મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે, QR કોડ સ્કેન કરો.**

## યામી ગૌતમને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો




‘આર્ટિકલ 370’એ સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર

## કાર્તિક આર્યન અને મમૂટીને 'ચંદુ ચેમ્પિયન' અને 'બ્રહ્મયુગમ' માટે મળ્યો શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર



કાર્તિક આર્યન



મમૂટી




## 'સ્વતંત્ર વીર સાવરકર' માટે રણદીપ હુડ્ડાને મળ્યો શ્રેષ્ઠ નવોદિત નિર્દેશકનો પુરસ્કાર




## સર્વશ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મનો પુરસ્કાર - 'ભાંગર'




## 'રામ-નામી'ને મળ્યો સર્વશ્રેષ્ઠ દસ્તાવેજી ફિલ્મનો પુરસ્કાર




- બ્લોકબસ્ટર ફિલ્મો 'કલ્કી 2898 એડી', 'પુષ્પાઃ ધ રૂલ પાર્ટ-2', 'સ્ત્રી 2' અને 'અમરન' રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં પ્રભુત્વ ધરાવ્યું.

# જેમણે શરણાગતિને બદલે આત્મ-બલિદાન પસંદ કર્યું



**દેશને ગુલામીના બંધનમાંથી મુક્ત કરાવવા અને અંગ્રેજોના અત્યાચારો સામે લડનારાઓમાં બહાદુર અવંતિબાઈ લોધીનું વિશેષ સ્થાન છે. 1857ના આંદોલનમાં અગ્રણી ભૂમિકા ભજવનાર રાણી અવંતિબાઈએ માત્ર સુશાસન સ્થાપિત કરવાનો આદર્શ જ રજૂ કર્યો નહીં, પરંતુ જીવનભર પોતાની માતૃભૂમિના સ્વાભિમાન માટે પ્રતિબદ્ધ રહ્યા. તેમની જીવનકથા રાષ્ટ્રને હંમેશા ગર્વ કરાવતી રહેશે.**

**જન્મ - 16 ઓગસ્ટ, 1831 ▪ મૃત્યુ - 20 માર્ચ, 1858**

રાષ્ટ્રીય ગૌરવના અમર પ્રતીક અવંતિબાઈનો જન્મ 16 ઓગસ્ટ, 1831 ના રોજ મધ્યપ્રદેશના સિવનીમાં થયો હતો. તેમના પિતા જુઝાર સિંહે તેમને નાનપણથી જ તલવારબાજી, નિશાનબાજી અને ઘોડેસવારીની તાલીમ આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે રાજકુમારી મોટી થઈ, ત્યારે તેમના લગ્ન રામગઢના રાજા લક્ષ્મણસિંહ લોધીના પુત્ર રાજકુમાર વિક્રમાદિત્ય સાથે થયા. રાજાના ખરાબ સ્વાસ્થ્ય અને તેમના પુત્રોની અલ્પ વયસ્ક હોવના કારણે, રાણીને રાજ્યની બાગડોર સંભાળવી પડી. તેઓ કુશળ વહીવટકર્તા સાબિત થયા. તે સમયે, અંગ્રેજો દેશના રજવાડાઓને પોતાના નિયંત્રણમાં કરવા માટે વિવિધ નિયમો ઘડી રહ્યા હતા. 'જોડાણની નીતિ' હેઠળ, અંગ્રેજોએ રામગઢને નિયંત્રણમાં કરવા માટે 'કોર્ટ ઓફ વોર્ડ્સ' ની નિમણૂક કરી. આ સ્થિતિમાં, રાણી અવંતિબાઈએ બળવાનો બ્યુગલ ફૂંક્યો. તેમણે આસપાસના રાજાઓ અને જમીનદારોને એક કરવા માટે પત્રો અને બંગડીઓના રૂપમાં સંદેશા મોકલ્યા, જે ક્રાંતિનું એક અનોખું પ્રતીક બની ગયું. તેમણે પત્રમાં લખ્યું હતું કે, "બ્રિટિશરો સામે લડવા માટે તૈયાર રહો અથવા બંગડીઓ પહેરીને ઘરે બેસો." તેમણે 1857ના સ્વતંત્રતા યુદ્ધમાં બ્રિટિશ શાસન સામે યુવાનોને સંગઠિત કરીને અજોડ નેતૃત્વનું પ્રદર્શન કર્યું. ખૈરીના યુદ્ધમાં, તેમણે બ્રિટિશ કમાન્ડર વાડિંગ્ટનને પીછેહઠ કરવા માટે મજબૂર કરવા માટે પોતાના શાણપણનો ઉપયોગ કર્યો અને તેમની ભૂમિને મુક્ત કરાવી. આ સાથે, તેમણે અસંખ્ય વિસ્તારોને મુક્ત કરાવીને પોતાની બહાદુરી અને દૃઢ નિશ્ચયનો પરિચય પણ કરાવ્યો. વધુમાં, તેઓ અંગ્રેજોની મોટી સેનાથી ઘેરાયેલા હોવા છતાં દેવહરગઢની ટેકરીઓમાં બહાદુરીથી લડ્યા. 20 માર્ચ, 1858 ના રોજ, જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેઓ અંગ્રેજો દ્વારા કેદ થઈ શકે છે, ત્યારે તેમણે પોતાની તલવારથી પોતાનો જીવ આપીને પોતાના દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું.

> **બહાદુર રાણી અવંતિબાઈ લોધીનું જીવન સાહસ, બલિદાન અને દેશભક્તિનું અનોખું ઉદાહરણ છે. 1857ના સ્વતંત્રતા સંગ્રામમાં તેઓ અંગ્રેજો સામે બહાદુરીથી લડ્યા, અને શરણાગતિને બદલે શહીદી પસંદ કરી. તેમનું બલિદાન રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અને આત્મસન્માનનો અમર સંદેશ છે. તેમની જન્મજયંતિ પર આદરપૂર્વક નમન.**
>
> **- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**

રાષ્ટ્રના સન્માન અને સ્વતંત્રતાની રક્ષા માટે સર્વસ્વનું બલિદાન આપનાર અવંતિબાઈને 'ભારતની જોઆન ઓફ આર્ક' તરીકે સન્માન આપવામાં આવ્યું. તેઓ મહિલા શક્તિ અને આત્મસન્માનનું અમર પ્રતીક છે. ભારતીય ટપાલ વિભાગે તેમના સન્માનમાં એક સ્મારક ટિકિટ બહાર પાડી છે. જબલપુરના બરગી બંધને તેમના માનમાં 'રાણી અવંતિબાઈ સાગર' નામ આપવામાં આવ્યું છે. ▪

**અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ**

**રાષ્ટ્રની શ્રદ્ધાંજલિ (16 ઓગસ્ટ)**

# દેશની સુરક્ષા અને લોકોના કલ્યાણને

# હંમેશા સર્વોપરી રાખ્યું

સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને કાર્ય સંસ્કૃતિમાં પરિવર્તિત કરનાર અટલ બિહારી વાજપેયી હંમેશા રાષ્ટ્રની સુરક્ષા અને જન કલ્યાણને બીજા બધા કરતા ઉપર રાખતા હતા. તેમની રાષ્ટ્રવાદી વિચારસરણી, દોષરહિત છબી અને સમર્પિત જીવન ભારતીય રાજકારણ પર અમીટ છાપ છોડી ગયા. પરમાણુ પરીક્ષણો અને કારગિલ યુદ્ધ દ્વારા વિશ્વને ભારતની ઉભરતી શક્તિનો પરિચય કરાયો, તો બીજી તરફ તેમણે દેશમાં સુશાસનની પરિકલ્પનાને પણ સાકાર બનાવી. તેમનું વિઝન અને મિશન વિકસિત ભારતના સંકલ્પને નિરંતર સશક્ત બનાવતું રહેશે.

- અટલજીના કનેક્ટિવિટીના વિઝનથી 21મી સદીના ભારતને મજબૂતી મળી.
- સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.



**"સૌ દેશવાસીઓ વતી, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન અટલ બિહારી વાજપેયીજીને તેમની પુણ્યતિથિ નિમિત્તે સાદર વંદન. રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે તેમનું સમર્પણ અને સેવાની ભાવના, સૌને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**


ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**આર.એન.આઈ., DELGUJ/2020/78812, 1-15 ઓગસ્ટ, 2026**

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-48)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત